

વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦/-
ઘનશ્યામ
૧૦ જૂન, ૨૦૨૬
વર્ષ : ૫૧ ● અંક : ૬

ચંદનના વાઘા મધ્યે શોભતા પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજ



## વ્હાલા ગુરુજીનું દિવ્ય સત્સંગ વિચરણ



(૧-૪) વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે ગુરુજીની કરુણાવર્ષામાં ભીંજાતા કડી, મણિયારી તથા મહેસાણાના હરિભક્તો
(૫-૮) વ્હાલા ગુરુજીનું બાયડ ખાતે તેમજ ગોધરા ઝોનમાં બોરિયાવી, તાડવા અને નાડા ખાતે દિવ્ય સત્સંગ વિચરણ

### શ્રીહરિ સંકલ્પ મહોત્સવ ઉપક્રમે

(જૂન માસના સંકલ્પો)

## Divine Discipline

### દિવ્ય વાણી

- સૌને માનવાચક સંબોધન કરીએ. 'તું'કારો કરવાનું ટાળીએ. આપ, તમે, દયાળુ જેવા શબ્દોનો વધુ ઉપયોગ કરીએ.
- અપમાનજનક શબ્દો ન જ બોલીએ. Sorry, Thank you, Please, આભાર, ધન્યવાદ, Excuse me જેવા શબ્દોનો ઉપયોગ વધુ કરીએ.

### જનરલ શિસ્ત

- મંદિરમાં કે ઘરમંદિરમાં આહ્નિક સમયે મોબાઇલનો ઉપયોગ ન કરીએ. જેમ કે, મંદિરમાં કે ઘરમંદિરમાં આરતી, થાળ, પ્રાર્થના ચાલુ હોય, અઠવાડિક સભા કે ગુરુજીની દિવ્યવાણી ઑનલાઇન કે લાઇવ ચાલુ હોય ત્યારે મોબાઇલનો ઉપયોગ કે વાતચીત ન કરીએ.


# GHANSHYAM

10 June, 2026 • Year : 51 • Edition : 06

# ઘનશ્યામ

૧૦ જૂન, ૨૦૨૬ ● વર્ષ : ૫૧ ● અંક : ૦૬



૦૪ દિવ્યવાણી

૦૭ વચનામૃત સાર : લોયા-૧૩ (ભાગ-૩)

૧૧ સુખી કરે સવળો વિચાર

૧૩ કીર્તન ઇતિહાસ : વ્હાલા રમઝમ કરતા...

૧૫ સ્વામિનારાયણ મહામંત્ર મહાત્મ્ય

૧૯ ખરાં માવતર

૨૧ SMVS મહિલા વિંગ રજતગાથા



પ્રકાશક : સાધુ ભક્તવત્સલદાસ

મુદ્રક : સાધુ પૂર્ણસ્વરૂપદાસ

માલિક : સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)

મુદ્રણ : વાઈબ્રન્ટ ઈમેજ, અમદાવાદ

આદ્ય સ્થાપક : શુદ્ધ ઉપાસના પ્રવર્તક અ.મુ. સદ્. શ્રી દેવનંદનદાસજી સ્વામીશ્રી (ગુરુદેવ પ.પૂ. બાપજી)

પ્રેરક : પ.પૂ. અ.મુ. સદ્. શ્રી સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી (ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી)

તંત્રી : નરેન્દ્રભાઈ આર. ત્રિવેદી

સહતંત્રી : સાધુ રાજીપાસ્વરૂપદાસ

સંપાદક : સાધુ નિર્ગુણજીવનદાસ

લેખનકાર્ય : લેખકવૃંદ


**'GTPL-ભક્તિ' ચૅનલ નં - ૫૫૧ ઉપર દરરોજ સવારે અને રાત્રે ૮:૩૦થી ૯:૦૦ તથા દર એકાદશી તેમજ પૂનમના સમૈયામાં રાત્રે ૮:૩૦થી ૧૦:૩૦ ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીનો લાભ મળશે.**


**પત્રવ્યવહાર માટેનું સરનામું :**
ઘનશ્યામ કાર્યાલય, સ્વામિનારાયણ ધામ,
કોબા-ગાંધીનગર હાઈવે, ગાંધીનગર-૩૮૨૪૨૧
Visit us : www.smvs.org Email : magazine@in.smvs.org




કુલ પેજ : ૩૨ + ૪ ટાઈટલ = ૩૬

સને ૧૯૭૬, જાન્યુઆરી માસથી પ્રારંભ પામેલ આ 'ઘનશ્યામ' સામયિક એ કારણ સત્સંગના જ્ઞાન, ઉપાસના અને સિદ્ધાંતોની પુષ્ટિ કરતું એસ.એમ.વી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે જે દર માસની દસમી તારીખે પ્રકાશિત થાય છે.

# દિવ્યવાણી

**તા. ૧-૫-૨૦૨૬ની ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીમાંથી સંકલિત**

આપણા જીવનમાં પળે પળે અનુભવાતા સુખ-દુ:ખ, હર્ષ-શોકમાં બહુધા આપણા સ્વભાવનો રોલ બહુ મોટો હોય છે. જીવ-પ્રાણીમાત્ર સ્વભાવબદ્ધ છે. તેથી 'મારો આ સ્વભાવ બરાબર નથી' એવું જાણનારા જ્ઞાની પણ સ્વભાવમાં બદલાવ લાવી શકતા નથી. સ્વભાવ ટાળવા માટે સત્પુરુષનું સાંનિધ્ય, એમનો સમાગમ, એમની રોકટોક ફરજિયાત જોઈએ જ. તેથી છેલ્લી સાત પૂનમથી ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી સ્વભાવ ટળાવવા ગઢડા મધ્યના ૩૭મા વચનામૃત પર લાભ આપી રહ્યા છે. જેમાં તા. ૧-૫-૨૦૨૬ના રોજ પૂનમ સમૈયામાં આપેલા લાભને વાગોળીએ.



જીવનમાં અરસપરસ સર્જાતા પ્રશ્નો અને થતા વિક્ષેપનું મૂળ કારણ બહુધા સ્વભાવ જ હોય છે. વ્યવહારમાં બધા સાથે સેટ થવાતું નથી અને મહારાજમાં જોડાવાતું નથી તેનું મુખ્ય કારણ આપણો સ્વભાવ છે. સ્વભાવ એ એક એવો રોગ છે કે જે સ્વને (પોતાને) અને સામાને બેયને દુ:ખી કરે છે. તેથી શ્રીજીમહારાજ પ્રથમથી જ સ્વભાવ ટળાવવાના અતિશે આગ્રહી છે.

એક દિવસ શ્રીહરિ જમાડવા પધારતા હતા. રસ્તામાં ઘોડશાળ આવી. ત્યાંથી પસાર થતાં શ્રીહરિની દૃષ્ટિ એક ઘોડી પર પડી. જે ઘોડી કોઈ પણ ત્યાંથી પસાર થાય તેને લાત મારતી હતી. શ્રીહરિને ઘોડીનો લાત મારવાનો સ્વભાવ ખટક્યો. તેથી એક મોટું થડિયું મગાવી ઘોડીના પગ પાસે મુકાવ્યું. એક ખુરશી મગાવીને તેનાથી થોડે દૂર બિરાજ્યા. શ્રીહરિ વાંસ ઘોડીના પૂંછડે અડાડતા કે તરત ઘોડી લાત મારતી એટલે તેનો પગ થડિયાને અથડાતો. આથી ઘોડીનો પગ

લોહીલુહાણ થઈ ગયો. પરંતુ જ્યાં સુધી ઘોડીએ લાત મારવાનો સ્વભાવ ન છોડ્યો ત્યાં સુધી શ્રીહરિ પોતાનું જમાડવાનું છોડી મંડ્યા રહ્યા. ઘોડી તો એક પશુ છે. તેનો લાત મારવાનો સ્વભાવ મહારાજને ખટક્યો તો આપણે તો મહારાજના દીકરા છીએ. આપણા સ્વભાવ મહારાજને કેવા ખટકે ?

જરા વિચારો : અત્યારે જ તમને પોતાને અને બીજાને નડતો ઓછામાં ઓછો તમારો એક સ્વભાવ લખો.

આપણને મારા પુત્રનો, મારી પત્નીનો, મારા પિતાનો, મારા બૉસનો આ સ્વભાવ બરાબર નથી એવું પકડાય છે પણ મારો આ સ્વભાવ બરાબર નથી એવું પકડાતું નથી. પોતાનો સ્વભાવ ઓળખવો અને તેને સ્વીકારવો એ બહુ ઊંચી મુમુક્ષુતા છે. મોટાપુરુષનો સમાગમ, સત્સંગ એ આપણા સ્વભાવ ઓળખવાનો અરીસો છે. શેવિંગ કરી અરીસાની સામે ઊભા રહીએ તો રહી ગયેલો એકાદો વાળ પણ દેખાય છે તેમ સત્પુરુષના સમાગમે આપણા નાનામાં નાના સ્વભાવ દેખાય છે. એટલે જ સદ્. ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે, “સોનાની મેડી બાળીને પણ સમાગમ કરી લેવો.”

અનેક સ્વભાવનો રાજા મનમુખીપણું છે. આપણે મનના દોર્યા દોરવાઈ જઈએ છીએ. મોટાપુરુષના લાભ કરતાં આપણાં નોકરી-ધંધા, મનના ગમતાની મહત્તા વધી જાય છે. આર્થિક પરિસ્થિતિ સુધરે, પૈસા વધે એટલે સત્સંગ ઘટી જાય છે. ૫૦૦ ગ્રામ રીંગણના શાક માટે જેટલા મસાલા હોય એટલા જ બે કિલો રીંગણના શાક માટે ચાલે ? ના ચાલે. જેમ શાકનો જથ્થો (ક્વૉન્ટિટી) વધે તેમ મસાલા વધારવા પડે. તેમ આપણા ધંધા-વ્યવસાયનો વ્યાપ વધે, પૈસા વધે એટલો સત્સંગનો જોગ વધારવો જ પડે. તો જ ઠેકાણું રહે; નહિ તો ક્યાંયના ક્યાંય ચાલ્યું જવાય.

એટલે જ અમે કહીએ છીએ કે, **લાખ રૂપિયાનો લાભ જતો કરવો પડે તો કરજો પણ એકાદશીની બે સંકલ્પ સભા અને પૂનમની સભા ક્યારેય ન છોડશો. આ સભા તમારા આત્માનું ઑપરેશન થિયેટર છે.** હૉસ્પિટલના ઑપરેશન થિયેટરમાં તો એક એકનું જ ઑપરેશન થાય. જ્યારે અહીં તો જનરલ વૉર્ડને ઑપરેશન થિયેટર બનાવી સ્વભાવનું ઑપરેશન થાય છે. માટે આ સભાઓ ન છોડશો. એ જ તમને પાછા વાળશે.

વડતાલમાં એક ગરીબ હરિભક્ત. શ્રીજીમહારાજ જ્યારે જ્યારે વડતાલ પધારતા ત્યારે તે હરિભક્ત બે ગાઉ ચાલી સામે લેવા જતા. મહારાજ રહે એટલા દિવસ સાથે ને સાથે રહેતા. એક વખત મહારાજે વડતાલના હરિભક્તોના અતિશે આગ્રહથી તેમનો વ્યવહાર ગામ ટોચ કર્યો. થોડાં વર્ષો પછી શ્રીહરિ ફરી વાર વડતાલ પધાર્યા. બે દિવસ રોકાયા છતાં પેલા હરિભક્ત વ્યવહારમાં એટલા ડૂબી ગયા હતા કે દર્શન કરવા પણ ન આવી શક્યા. સ્વયં શ્રીહરિએ સામે ચાલીને કહેવડાવ્યું છતાં જ્યારે મહારાજ નીકળતા હતા ત્યારે ધોતલી હાથમાં લઈ દોડતા આવ્યા.

જે મહારાજના પ્રતાપે સુખ પામ્યા હતા તેમનાં દર્શન માટે પણ સમય ન મળ્યો. તેમ સાઈકલ, સ્કૂટર ફેરવનારા આપણે જેના પ્રતાપે ગાડી ફેરવતા થયા, બંગલામાં રહેતા થયા છીએ એ મહારાજ અને મોટાને ભૂલી જઈએ છીએ. ધંધા-વ્યવહારને પ્રાધાન્ય આપી એમનાં દર્શન-સમાગમને ગૌણ કરીએ છીએ. એના માટે સમય ન મળે તે કેટલા દુઃખની વાત કહેવાય ! આજના ઘોર કળિકાળના ભયંકર કુસંગમાંથી મોટાપુરુષનો સમાગમ જ આપણને બચાવશે, સ્વભાવને ઓળખાવી ટળાવશે.

એટલે જ શ્રીજીમહારાજે ગઢડા મધ્યના ૩૭મા વચનામૃતમાં કહ્યું છે, **“સ્વભાવ મુકાવ્યા સારુ જે સત્પુરુષ ઉપદેશ કરતા હોય, તેના વચનને વિષે અતિશે વિશ્વાસ હોય અને ઉપદેશના કરનારાની ઉપર સાંભળનારાને અતિશે પ્રીતિ હોય, અને ઉપદેશનો કરનારો હોય તે ગમે તેટલાં દુઃખવીને કઠણ વચન કહે તોપણ તેને હિતકારી જ માનતો જાય, તો સ્વાભાવિક જે પ્રકૃતિ છે તે પણ નાશ થઈ જાય.” એટલે કે સત્પુરુષ અને તેમનાં કઠણ વચન બેય જોઈએ જ તો જ સ્વભાવ ટળે.**

ઉકાખાચર બહારવટું ખેલતા. સદ્. સુખાનંદ સ્વામીએ ટકોર કરી કે, “બાપુ, આ તમે તમારું પેટ ભરવા કેટલાનાં પેટ ફોડો છો, શિયળ લૂંટો છો ? ભગવાને મનુષ્યદેહ મોક્ષ પામવા આપ્યો છે અને તમે શું ધંધા કરો છો ! શું જવાબ આપશો ભગવાનને ?” સદ્. સુખાનંદ સ્વામીની ટકોરે ઉકાખાચરનું જીવન પરિવર્તન થઈ ગયું. પછી સ્વભાવ ટળાવવા જાહેરમાં પોતાના દોષની કબૂલાત કરી તો અનાદિકાળની વાસનાનો સ્વભાવ ટળી ગયો.

સત્પુરુષ આપણા ચૈતન્યના ઘડવૈયા છે. તે જેમ જેમ કસણીમાં લઈ ઘડતા જાય તેમ સ્વભાવ ટળી પૂર્ણ પાત્ર થતા જવાય. ઈ.સ. ૧૯૯૫માં બાપાશ્રી મહોત્સવ વખતે ગુલબાઈ ટેકરા મૂર્તિ બનાવનારની દુકાનમાં અમે (વ્હાલા ગુરુજી) મૂર્તિ જોવા ગયા હતા. તેમણે એકસરખા આકાર અને કદની બે મૂર્તિ બતાવી. જેમાં એકની કિંમત ૫૦૦ રૂપિયા અને બીજાની ૫૦૦૦ રૂપિયા હતી. તેનું કારણ પૂછતાં કહ્યું, ‘એક મૂર્તિ ગારામાંથી બનાવેલી છે. જ્યારે બીજી કેળવેલી માટીમાંથી. ભેદ કેળવણીનો છે.’ કેળવણીની પ્રક્રિયા આપણને લાગે છે પીડાદાયક પણ એ જ આપણને નક્કર બનાવે છે. માટે મોટાપુરુષ આપણા સ્વભાવ

કેળવણીની પીડાદાયક પ્રક્રિયા જ નક્કરતા બક્ષે છે.

ટળાવવા જાહેરમાં રોકટોક કરી શકે એવું નિધડકપણું અપાવવું.

મોટાપુરુષ તો આપણને તલમાત્ર કસરથી રહિત કરવા તત્પર હોય પણ જો આપણું દેહાભિમાન ટળ્યું ન હોય અને જાહેરમાં ટકોર કરે તો એમનો પણ અવગુણ આવે. તેથી જ શ્રીજીમહારાજે લોયાના ૧૭મા વચનામૃતમાં કહ્યું છે, **"પંચવિષયનો અત્યંત અભાવ ન થઈ ગયો હોય ને તેની આસક્તિ હોય ને તે વિષયનું મુક્તાનંદ સ્વામી જેવા ખંડન કરે તો તેનું માથું શસ્ત્રે કરીને મુકાવી દે એવો દ્રોહ કરે."**

અલૈયાખાચરનો સદ્. મુક્તાનંદ સ્વામીએ જાહેર સભામાં ચોથો નંબર આપ્યો. દેહાભિમાનનું ખંડન અલૈયાખાચરને દાદર ઉપર સપટલોશન જેવું લાગ્યું. તેથી સ્વામી સામે તલવાર ઉગામી. માટે મોટાપુરુષ આપણા સ્વભાવ ટળાવવા ગમે ત્યારે, ગમે ત્યાં, ગમે તેવાં વચન કહી શકે એવું નિધડકપણું અપાવવું. એમની રોકણી-ટોકણીને ગળ્યા મધની જેમ સ્વીકારવી. એમની ટકોરમાં તર્ક ન કરતાં સંપૂર્ણ વિશ્વાસ સાથે સ્વીકારી સુધારો કરવો. તો આપણો અધ્યાત્મ માર્ગ નિર્વિઘ્ને પાર પડે; નહિ તો જરૂર વિઘ્ન આવે.

શ્રીહરિની અનહદ કૃપાથી આપણને વર્તમાનકાળે એવું સાંનિધ્ય મળ્યું છે. રોકણી-ટોકણી મળે છે તો તેને ગમાડી આપણા અનાદિકાળના સ્વભાવ ટાળવા કટિબદ્ધ થઈએ.

## SBS SUMMER CAMP






બાલ્યાવસ્થાથી જ ગુરુજીના રાજીપા માટે અને એસ.એમ.વી.એસ. માટે જીવવાનાં સ્વપ્નો સેવતી બાળસિંહોની સેના એટલે SBSના બાળમુક્તો. આવા બાળમુક્તોના આધ્યાત્મિક ઘડતર માટે તાજેતરમાં એપ્રિલ તથા મે માસ દરમ્યાન ગ્રૂપવાઈઝ પાંચ, ત્રણ તથા એક દિવસના કુલ ચાર SBS સમર કેમ્પનું સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર ખાતે આયોજન કરવામાં આવ્યું હતું.

આ કેમ્પમાં રાજીપાના વિચારને મધ્યવર્તી રાખીને 'Let's be Rajipa Star', 'બસ ! રાજી કરી લેવા છે', 'Let's be Self-Dependent' તથા 'I am Member of Royal Family' જેવી થીમ આધારિત પૂ. સંતોની કથાવાર્તા, વિડિયોદર્શન, ઍક્ઝામ, વિવિધ ઍક્ટિવિટી દ્વારા પ્રૅક્ટિકલ સમજૂતી તથા વર્કશોપના આધારે રાજીપાના વિચારને સરળ અને જીવનમાં ઉતારી શકાય તેવો બનાવવા માટે પ્રયત્ન કરવામાં આવ્યો હતો. પૂ. સંતો સાથે બાળકોની અંગત બેઠક દ્વારા વ્યક્તિગત માર્ગદર્શન પ્રાપ્ત કરીને બાળકો બળિયા બન્યાં હતાં.

કેમ્પ દરમ્યાન જુનિયર ગ્રૂપના બાળકોમાં પ્રામાણિકતા અને સંસ્કારોનું સિંચન થાય, સિનિયર ગ્રૂપનાં બાળકો દૈનિક કાર્યો તથા ભજન-ભક્તિના સાધનોમાં સ્વાવલંબી બને, પ્રાઈમરી ગ્રૂપનાં બાળકો 'કારણ સત્સંગની અમીરપેઢીનો વારસદાર છું' આ વિચારે અસ્મિતા આકારે થાય. સેકન્ડરી ગ્રૂપનાં બાળકો જીવનધ્યેયનું મહત્ત્વ સમજી ગુરુજીને રાજી કરવાનો ધ્યેય દૃઢ કરે તેવા ઉદ્દેશો સાથે વિવિધ સંજોગો આધારિત સ્કિટ રજૂ કરવા માટે પ્લૅટફૉર્મ આપવામાં આવ્યું હતું.


આ ઉપરાંત કેમ્પ દરમ્યાન વિશેષ કાર્યક્રમોમાં પિરસણ લીલા, ઠાકોરજીનો અભિષેક, સ્નાનલીલા વગેરેનો લાભ મળ્યો હતો. તદુપરાંત વિશેષમાં વ્હાલા ગુરુજીનું દિવ્ય સાંનિધ્ય, પ્રસાદ તેમજ કથાવાર્તાનો લાભ પણ મળ્યો હતો. આ રીતે બાલિકાઓ પણ પૂ. ત્યાગી મહિલામુક્તોના સાંનિધ્યમાં રહી બળિયાં થયાં હતાં. આમ, કુલ ૨૦૦થી વધુ બાળ-બાલિકામુક્તોએ કેમ્પનો લાભ લીધો હતો.

# વચનામૃત સાર

## લોયા-૧૩ (ભાગ-૩)

ગત બે લેખથી આપણે લોયાના ૧૩મા વચનામૃતમાં શ્રીહરિએ જણાવેલ રહસ્ય-અભિપ્રાયનું આચમન કરી રહ્યા છીએ. આગળ વધતા પહેલાં ગત લેખની થોડી સ્મૃતિ કરી લઈએ.

સદ્. નિત્યાનંદ સ્વામીએ મહારાજને પ્રશ્ન પૂછ્યો છે કે, પરભાવમાં મુક્તો મહારાજના સાધર્મ્યપણાને પામેલા છે કહેતાં પુરુષોત્તમરૂપ છે. હજુ સરળ ભાષામાં કહીએ તો બંનેના આકાર ને દેખાવ સરખા છે. વળી, સર્વે દિવ્ય છે, નિર્ગુણ છે. તો પછી મહારાજ અને મુક્તમાં ભેદ કેવી રીતે સમજવો ? આ પ્રશ્ન અન્વયે આપણે અનાદિમુક્ત અને પરમ એકાંતિકમુક્ત બંને વચ્ચેનો ભેદ સમજ્યા હતા તેમજ ચંદ્રમા અને તારાના દષ્ટાંતે મહારાજ અને મુક્ત વચ્ચેનો ભેદ સમજ્યા હતા.



ચંદ્ર એક છે અને તારા અનેક છે. તેમ મહારાજ એક છે અને મુક્ત અનેક છે. ઔષધિનું પોષણ ચંદ્ર વતે થાય છે; તારા વતે નહીં. તેમ ઔષધિ કહેતાં મુમુક્ષુને મુક્ત કરવાનું કામ કહેતાં જીવનો મોક્ષ કરી મૂર્તિનું સુખ આપવાનું કામ મહારાજ કરે છે. કીર્તનમાં કહ્યું છે,

"મુક્ત કરી સુખ આપવું એ છે, કેવળ આપનું કામ."

અહીં વાત એ સમજવાની છે કે મુક્ત પણ મોક્ષનું કામ કરે છે પણ એમના દ્વારે મહારાજ જ કરે છે. મુક્તો મહારાજને લીધા વિના સ્વતંત્રપણે સુખ આપવા સમર્થ નથી. મુક્ત મોક્ષનું દ્વાર છે; મોક્ષનું સ્વરૂપ નથી. મુક્તનું સંપૂર્ણ કર્તાપણું મહારાજનું જ છે. માટે મુક્તને કદી હું મહારાજ છું એમ થતું જ નથી. આ મુદ્દાને પણ આપણે

ગત લેખમાં ભગા અને મૂળાના દૃષ્ટાંત દ્વારે સમજ્યા હતા. આમ, ભગવાન ને મુક્ત સ્વામી-સેવકભાવે જુદા છે. જેનો ઉલ્લેખ શ્રીજીમહારાજે પંચાળાના ૪થા વચનામૃતમાં પણ કર્યો છે.

વળી, ગઢડા મધ્યના ૬૭મા વચનામૃતમાં પણ કહ્યું છે કે, જેમ જેમ સાધર્મ્યપણું દૃઢ થતું જાય તેમ તેમ સેવકભાવ સૂધો દૃઢ થતો જાય. હવે મહારાજ આગળ શું રહસ્ય જણાવે છે તે જોઈએ.

**વચનામૃત : અને વળી જેમ રાજા ને રાજાના ચાકર તે મનુષ્યજાતિએ કરીને સરખા છે પણ રાજાનું સામર્થ્ય, ઐશ્વર્ય, રૂપ, લાવણ્યતા તે સર્વોપરી છે અને જે રાજા વતે થાય તે ચાકર વતે થાય નહિ; સૂઝે એવડો મોટો હોય તોપણ ન થાય.**

**વિશ્લેષણ :** આ શ્રીજીમહારાજના અન્વય સ્વરૂપ માટેનું દૃષ્ટાંત છે જ્યારે ચંદ્ર અને તારા એ વ્યતિરેક સ્વરૂપનું દૃષ્ટાંત છે. કારણ કે ચંદ્ર અને તારા જુદા પડતા નથી. બંને રાત્રે જ દેખાય છે. જ્યારે રાજા અને ચાકર જુદા પડે છે; સાથે રહેતા નથી.

અહીં કહ્યું કે રાજા અને ચાકર તે મનુષ્યજાતિએ કરી સરખા છે. તેમ મહારાજ અને અન્વય સ્વરૂપના અવતાર બંનેને ભગવાન ટાઈટલ લાગે છે પણ જેમ રાજાનું સામર્થ્ય, ઐશ્વર્ય, રૂપ, લાવણ્યતા તે સર્વોપરી છે અને જે રાજા વતે થાય તે ચાકર વતે ન થાય. તે સૂઝે એવડો (ગમે તેટલો) મોટો હોય તોપણ ન થાય. તેમ અન્વય સ્વરૂપના અનંત અવતારો કરતાં શ્રીજીમહારાજનું સામર્થ્ય, ઐશ્વર્ય, રૂપ, લાવણ્યતા તે સર્વોપરી છે કહેતાં અનંતગણું અધિક છે. વાસ્તવિકતાએ તો કોઈની પાસે ચપટીય પોતાનું નથી. શ્રીજીમહારાજ એક કિરણ દ્વારે અનંત અક્ષરોથી માંડી જીવ-પ્રાણીમાત્રને ઐશ્વર્ય-સામર્થીના દાતા છે. અનંત એક કિરણની તોલે પણ આવતા નથી.

આમ, અન્વય કે વ્યતિરેક બંને લાઇનમાં કોઈ શ્રીજીમહારાજ જેવા નથી. કારણ કે કોઈનીય પાસે ચપટીય પોતાનું નથી. વ્યતિરેકવાળા વ્યતિરેકના સંબંધે કરીને થયા છે અને એના આધારે રહ્યા છે. જ્યારે અન્વયવાળા એક કિરણની સત્તાથી થયા છે અને એના આધારે જ રહ્યા છે.

**વચનામૃત : તેમ પુરુષોત્તમનારાયણ તે સર્વકર્તા છે, સર્વકારણ છે, સર્વનિયંતા છે અને અતિ રૂપવાન છે, અતિ તેજસ્વી છે અને અતિ સમર્થ છે ને "કર્તુમ્-અકર્તુમ્-અન્યથાકર્તુમ્" છે.**

**વિશ્લેષણ :** અહીં મહારાજના મહાત્મ્યને સમજાવવા માટે વિવિધ ઉપમા-વિશેષણ આપ્યાં છે તેને સમજીએ.

**સર્વ કર્તા :** શ્રીજીમહારાજ અન્વયની લાઇનમાં અક્ષરથી માંડી જીવ-પ્રાણીમાત્રના એક કિરણ દ્વારા કર્તા છે અને વ્યતિરેક સ્વરૂપના ચાર વર્ગનાના વ્યતિરેક સ્વરૂપે કર્તા છે. ટૂંકમાં, ભલે કરનાર દેખાય બીજા પણ બધું કરનારા મહારાજ એક જ છે.

**સર્વ કારણ :** અનંત અક્ષરથી માંડી જીવ-પ્રાણીમાત્ર શ્રીજીમહારાજની એક કિરણની સત્તાથી થયા છે અને સત્તાના આધારે જ રહ્યા છે. વ્યતિરેકના સંબંધવાળા ચાર વર્ગના શ્રીજીમહારાજના વ્યતિરેક સ્વરૂપના સંબંધે કરીને થયા છે અને સંબંધના આધારે જ રહ્યા છે. આ સર્વે અનંતાનંત છે. કોઈની પાસે ચપટીય પોતાનું નથી. આમ સમજીએ તો શ્રીજીમહારાજને સર્વના કારણ જાણ્યા કહેવાય. ટૂંકમાં, સર્વને બનાવનાર અને તેમના અસ્તિત્વને ટકાવનાર એક મહારાજ જ છે.

**સર્વ નિયંતા :** ઉપર મુજબ જ અનંત અક્ષરથી માંડી જીવ-પ્રાણીમાત્ર સુધીનાના એક કિરણ દ્વારા નિયંતા છે. અને ચાર વર્ગનાના વ્યતિરેક સ્વરૂપે નિયંતા છે. આમ, મહારાજ સર્વ નિયંતા છે. નિયંતા એટલે નિયંત્રણ, નિયમન કરનાર. અનંતકોટિ બ્રહ્માંડમાં સૌનું નિયંત્રણ કહેતાં નિયમન કરનાર એક શ્રીજીમહારાજ જ છે.

**અતિ રૂપવાન :** મહારાજ અતિ રૂપવાન છે એટલે કે એમના જેવું રૂપ કોઈનું નથી. પરમ એકાંતિકમુક્તો મહારાજ જેવા રૂપવાન છે પરંતુ એકદેશી રૂપવાન છે. અંગોઅંગ પુરુષોત્તમરૂપ છે; રોમ રોમ નહીં. અનંત અનાદિમુક્તો તો સર્વદેશી રૂપવાન છે, રોમ રોમ પુરુષોત્તમરૂપ છે. પરંતુ તે અનંત ભેગા થઈ કોઈને પણ રૂપવાન કરી શકતા નથી. કારણ કે એ સેવક છે, મુક્ત છે. એ મૂર્તિનું યથાર્થ સુખ લઈ શકે એ માટે મહારાજે એમને પોતા જેવા રૂપવાન બનાવ્યા છે. આમ, મહારાજ અનંતને પોતાના સંબંધે કરી રૂપવાન બનાવે છે માટે અતિ રૂપવાન છે.

**અતિ તેજસ્વી :** એમના જેવું તેજ કોઈની પાસે નથી. એમના તેજની એક કિરણથી અન્વયવાળા અનંત અક્ષરાદિક તેજાયમાન છે. વ્યતિરેકવાળાને તેજની જરૂર નથી કેમ કે તેજ તો કાર્ય છે. આમ, મહારાજ અતિ તેજસ્વી છે.

**અતિ સમર્થ :** અન્વય ને વ્યતિરેકવાળા બધા મહારાજ આગળ અસમર્થ છે. કોઈની પાસે ચપટીય પોતાનું નથી. બધા મહારાજને લઈને સમર્થ છે. બધું સામર્થ્ય મહારાજ પાસે જ છે એટલે અતિ સમર્થ છે.

**કર્તુમ્ :** અનંતકોટિ બ્રહ્માંડમાં સર્વ કર્તા એક શ્રીજીમહારાજ જ છે એ કર્તુમ્.

**અકર્તુમ્ :** મહારાજ કર્તા છે છતાં બીજા પાસે કરાવે છે તે અકર્તુમ્. (દા.ત. બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયની લીલા.)



**શ્રીજીમહારાજ કર્તુમ્, અકર્તુમ્, અન્યથા કર્તુમ્ છે.**

**અન્યથા કર્તુમ્ :** એટલે કે અન્ય કોઈથી થાય જ નહીં. અનંત અનાદિમુક્તોને પોતાની મૂર્તિમાં લીન કરી રાખે છે છતાં બહાર દેખાવા દેતા નથી તે મહારાજનું અન્યથા કર્તાપણું છે. આવું અલૌકિક સામર્થ્ય અનંતકોટિ બ્રહ્માંડમાં કોઈની પાસે નથી.

**વચનામૃત : તે જો પોતાની ઇચ્છામાં આવે તો એ અક્ષરધામને વિષે રહ્યા જે મુક્ત તે સર્વેને પોતાના તેજને વિષે લીન કરીને પોતે એક જ વિરાજમાન રહે ને સૂજે તો એ સર્વ મુક્ત તેમણે સેવ્યા થકા એમની ભક્તિને અંગીકાર કરે ને એ સોતા વિરાજમાન રહે અને જે અક્ષરધામને વિષે પોતે રહ્યા છે તે અક્ષરને પણ લીન કરીને પોતે સ્વરાટ્ થકા એકલા જ વિરાજમાન રહે અને પોતાને મનમાં આવે તો એ અક્ષરધામ વિના પણ અનંતકોટિ મુક્તોને પોતાને ઐશ્વર્યે કરીને ધારવાને સમર્થ છે.**

**વિશ્લેષણ :** અહીં મહારાજ પોતાનું અન્યથા કર્તાપણું કહેતાં પોતાનું અદ્‌ભુત સામર્થ્ય જે બીજા કોઈથી થાય જ નહિ તે બતાવે છે. આ બીજા કોઈનું કામ નથી. એકમાત્ર મહારાજ જ આ કરી શકે.

સૌપ્રથમ મહારાજે કહ્યું કે, 'અક્ષરધામને વિષે રહ્યા જે મુક્ત તે સર્વેને પોતાના તેજને વિષે લીન કરીને...' અત્રે એ વખતના સમય પ્રમાણે લખ્યું છે. પરંતુ અનાદિમુક્તો તો અખંડ મૂર્તિમાં જ રહે છે. પરમ એકાંતિકમુક્તો અંગોઅંગ પુરુષોત્તમરૂપ છે આથી મૂર્તિની બહાર છે એમ કહેવાય છે પણ મૂર્તિથી છેટા અને સન્મુખ નથી. છે તો અંગોઅંગ જ. પછી કહ્યું કે, 'સૂજે તો એ સર્વ મુક્ત તેમણે સેવ્યા થકા એમની ભક્તિને અંગીકાર કરે ને એ સોતા વિરાજમાન રહે.' અહીં અવરભાવની વાત છે. પરભાવમાં તો મૂર્તિનું સુખ લેવું એ જ સેવા ને એ જ ભક્તિ છે. પણ અહીં કહે છે કે મહારાજ ધારે ત્યારે પરભાવમાં રહ્યા થકા અવરભાવમાં મનુષ્યને મનુષ્ય જેવા દેખાય છે અને ત્યાં પોતાના ભક્તો-મુક્તોની સેવા-ભક્તિને અંગીકાર કરે છે. આગળ મહારાજ બહુ મહત્ત્વની વાત કરે છે. 'અને જે અક્ષરધામને વિષે પોતે રહ્યા છે તે અક્ષરને પણ લીન કરીને પોતે સ્વરાટ્ થકા એકલા જ વિરાજમાન રહે.' આગળ મહારાજે મુક્તોની વાત કરી.

હવે તેજની વાત કરે છે કે મહારાજ ધારે તો પોતાનું તેજ જે અક્ષરધામ તેને પણ પોતામાં લીન કરી એકલા સ્વરાટ્ થકા બિરાજમાન રહેવાને સમર્થ છે. અર્થાત્ ભગવાન અક્ષર કહેતાં અક્ષરધામના આધારે નથી; અક્ષરધામ મહારાજના આધારે છે. એ કાર્ય છે અને મહારાજ કારણ છે. વળી આગળ કહ્યું કે, 'અને પોતાને મનમાં આવે તો એ અક્ષરધામ વિના પણ અનંતકોટિ મુક્તોને પોતાના ઐશ્વર્યે કરીને ધારવાને સમર્થ છે.' અહીં પણ મહારાજ અક્ષરધામનું ગૌણપણું બતાવે છે કેમ કે અક્ષરધામ એ કાર્ય છે. એ વખતની સમાજની પાત્રતાને આધારે અહીં લખ્યું છે બાકી આનો બીજો અર્થ થાય કે, સામાન્યપણે તો મુક્તો અક્ષરધામમાં જ તેજને આધારે રહ્યા છે. અહીં તો માત્ર મહારાજની સામર્થી બતાવી છે પરંતુ વાસ્તવિકતાએ એવું નથી. પરભાવમાં કાંઈ અવરભાવની જેમ મુક્તોની સભા નથી.

શાસ્ત્રો રણના રસ્તા જેવાં છે. અનુભવી સત્પુરુષ મળે તો જ તેના વાસ્તવિક અર્થ સમજાય. બાકી બુદ્ધિએ કરીને સમજવા જાય તો ગોટાળે જ ચડે. કેમ કે એક જગ્યાએ કંઈ લખ્યું હોય ને બીજી જગ્યાએ કંઈ લખ્યું હોય. બધાં લખાણો ભેગાં કરવા જાય તો કીર્તનમાં કહ્યું છે, 'એના ચિત્તને બમણો ફેર ચડે' એવું થાય. માટે અનુભવી સત્પુરુષના વચનમાં વિશ્વાસ રાખવો એ જ શાસ્ત્રોનો પાર પામ્યાનો હેતુ છે. ટૂંકમાં, મહારાજને એટલું કહેવું છે કે અક્ષરધામ વિના અનંત મુક્તને આગવી મૂર્તિ છે. તે આગવી મૂર્તિ દ્વારા અનંત મુક્તોને ધારવાને મહારાજ સમર્થ છે.

**વચનામૃત : તેમ એ નારાયણ પોતાને ઐશ્વર્યે કરીને સર્વોપરી વર્તે છે તે એને ને બીજા અક્ષરાદિક મુક્તોને સરખા કહે છે તે દુષ્ટ મતવાળા જાણવા ને તેને અતિ પાપી જાણવા અને એનાં દર્શન પણ કરવાં નહિ ને એવી રીતની સમજણવાળાનાં દર્શન કરીએ તો પંચમહાપાપ જેવું પાપ થાય.**

**વિશ્લેષણ :** અહીં નારાયણ કહેતાં મહારાજે તેમને ને બીજા અન્વયના ઐશ્વર્યાર્થીઓને (અક્ષરાદિક મુક્તોને) સરખા કહે તેને દુષ્ટ મતિવાળા ને અતિ પાપી કીધા. કેમ કે આવી સમજણવાળાનું આત્યંતિક કલ્યાણ થતું નથી. વળી, આવી સમજણવાળાનાં દર્શન કરવાનો પણ નિષેધ કર્યો. તેનાં દર્શને પંચમહાપાપનું પાપ કીધું. તેનો હેતુ એ કે તેનાં દર્શન ન થાય તો સમાગમ તો થાય જ ક્યાંથી ? જેનો સમાગમ કરીએ તેવી સમજણ આપણી થાય. માટે સર્વોપરી નિષ્ઠા હોય, પંચવર્તમાન દૃઢ હોય અને અનાદિમુક્તની પ્રાપ્તિવાળા હોય તેનો જ સમાગમ કરવો એવી અભિરુચિ મહારાજ બતાવી રહ્યા છે.

**વચનામૃત : અને એ નારાયણને લઈને તો જેને વિષે મોટ્યપ કહીએ તેને વિષે સંભવે અને એને લઈને... સર્વેને ભગવાન કહેવાય... અને હમણાં આ મુક્તાનંદ સ્વામી જેવા સંતને વિષે એ નારાયણને લઈએ તો એમને પણ ભગવાન જેવા કહેવાય અને એ નારાયણને લીધા વિના તો અક્ષરને પણ ભગવાન ન કહેવાય તો બીજાની શી વાર્તા કહેવી ?**

**વિશ્લેષણ :** અહીં નારાયણ કહેતાં સ્વામિનારાયણની વાત છે. એમને લઈને અન્વયની લાઇનના ઐશ્વર્યાર્થીઓને પણ ભગવાન કહેવાય કેમ કે ભગવાન શબ્દ સંસ્કૃત છે. ભગ =

ઐશ્વર્ય, વાન = વાળા. આમ, ઐશ્વર્યવાળા હોય તે સર્વેને ભગવાન કહેવાય. પરંતુ એ ઐશ્વર્ય મહારાજનું આપેલું છે. માટે ભગવાન કહેવાય પરંતુ છે નહીં. કેમ કે બધા કરેલા થયા છે; સનાતન એક જ છે. હવે મુક્તાનંદ સ્વામીના સંદર્ભે વ્યતિરેકની વાત કરી છે. મુક્ત મૂર્તિમાં રહે છે. માટે તેમને ભગવાન જેવા (પુરુષોત્તમરૂપ) કહેવાય પરંતુ ભગવાન ન કહેવાય. અને મહારાજને લીધા વિના કહેતાં તેમની એક કિરણની સત્તા વિના અન્વયની લાઇનમાં સૌથી મોટા અક્ષરનેય ભગવાન ન કહેવાય તો બીજાને તો આ ટાઇટલ લાગુ પડે જ ક્યાંથી ? ભગવાનની સમજણ હંમેશાં ચોખ્ખી રાખવી.

**વચનામૃત : અને જો એમ ન હોય તો આ આપણ સર્વે છીએ તે આ દેહ થકી નોખો જે આત્મા તેને બ્રહ્મરૂપ જાણીએ છીએ અને જ્ઞાન-વૈરાગ્યાદિક સાધન યુક્ત છીએ તોપણ એ નારાયણને પ્રસન્ન કરવાને અર્થે રાતદિવસ ઉજાગરા કરીએ છીએ ને કીર્તન-નામસ્મરણ તે તાળીઓ વજાડી વજાડીને હાથની આંગળીઓ ફાટી જાય એમ કરીએ છીએ તથા કથા-વાર્તા રાતદિવસ કરીએ; કરાવીએ છીએ તે જો એ નારાયણ સરખા થઈ જવાતું હોય તો એવડો દાખડો શું કરવા કરીએ ?**

**વિશ્લેષણ :** શ્રીજીમહારાજ આપણને કહે છે કે જ્ઞાન-વૈરાગ્યાદિ સાધન તેમજ ભજન-ભક્તિ સર્વે મહારાજની પ્રસન્નતાને અર્થે કરવું પરંતુ તેની પાછળ કોઈ સકામભાવના, કોઈ ઐશ્વર્ય-સામર્થીની ભાવના રાખવી નહીં. ભગવાન જેવા કહેતાં પુરુષોત્તમરૂપ થવાની ઇચ્છા રાખવી પણ ભગવાન થવાની ઇચ્છા રાખવી નહીં.

**વચનામૃત : માટે એ નારાયણ જેવા તો એક નારાયણ જ છે પણ બીજો કોઈ એ જેવો થાતો નથી અને ॥એકમેવાદ્વિતીય બ્રહ્મ ॥ એ શ્રુતિનો પણ એ જ અર્થ છે જે, એ નારાયણ જેવા તો એક નારાયણ જ છે એમ સર્વ શાસ્ત્રનો સિદ્ધાંત છે, એવી રીતે ભક્તજનની શિક્ષાને અર્થે શ્રીજીમહારાજે વાર્તા કરી ને પોતે તો સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ છે.**

**વિશ્લેષણ :** અંતમાં મહારાજ સારનો સાર કહે છે કે એમના જેવા તો એ એક જ છે કહેતાં સ્વામિનારાયણ ભગવાન એ જ સનાતન ભગવાન છે. બીજા આધુનિક છે જે એમના કર્યા થાય છે અને કાઢ્યા જાય છે. અનંત મુક્તો એમના જેવા (પુરુષોત્તમરૂપ) થાય છે પણ કોઈ ભગવાન થવાને સમર્થ નથી. એકમેવાદ્વિતીયબ્રહ્મ શ્રુતિ કહી તેનો અર્થ સમજીએ તો – એકમ્ + એવ + અદ્વિતીય + બ્રહ્મ. એકમ્ એટલે એક, એવ એટલે જ, અદ્વિતીય એટલે અજોડ – એના જેવો કોઈ નહિ, બ્રહ્મ એટલે ભગવાન. આમ, સનાતન ભગવાન એક જ છે, અજોડ છે. તે છે સ્વામિનારાયણ ભગવાન. આ જ સર્વ શાસ્ત્રોનો સિદ્ધાંત છે.


શ્રીજીમહારાજને વિષે પ્રેમલક્ષણા ભક્તિ દૃઢ કરાવતું એક નવલું નૂતન પ્રકાશન...

નૂતન પ્રકાશન

## તો આજે જ વસાવો...




# ઘરમંદિર

આવો, શ્રીજીમહારાજને મારા કરીએ...

ઘરમંદિરમાં પ્રગટપણે બિરાજમાન ઘનશ્યામ મહાપ્રભુની વિધ વિધ રીતે સેવા કરી ઠાકોરજી સાથે મારાપણાના ભાવથી જોડાવા માટેનું સચોટ માર્ગદર્શન આપતી પુસ્તિકા

પ્રાપ્તિસ્થાન : સંસ્થાના તમામ બુકસ્ટોલ પરથી ઉપલબ્ધ.



# સુખી કરે સવળો વિચાર

સવળો વિચાર એ સદાય સુખી રહેવાની ચાવી છે. આવો, સદ્. ગોપાળાનંદ સ્વામી દ્વારા સવળો વિચાર કરવાની પ્રેરણા લઈએ.

“ગુરુદેવ ! લોકો અમારા માટે એલફેલ બોલે એનું અમને દુઃખ નથી પણ આપના માટે તેઓ જેમ તેમ બોલે એ અમારાથી સહ્યું જતું નથી.”

ભગવાન સ્વામિનારાયણની સર્વોપરી ઉપાસના પ્રવર્તાવવા સદ્. ગોપાળાનંદ સ્વામી ગામોગામ વિચરણ કરતા રહેતા. સદ્‌ગુરુશ્રીના સદ્‌વર્તનથી લોકો આકર્ષાતા. એ સહન ન થતાં દ્વેષીજનો સંતો માટે અને સદ્‌ગુરુ માટે એલફેલ બોલતા. કેટલાક કહેતા, ‘આ તો ખૂણિયા જ્ઞાનવાળા છે, ગોપાળિયું જ્ઞાન દે છે.’ સદ્‌ગુરુ આવા અલ્પ મતિજનોના શબ્દો સામું લક્ષ્ય ન આપતા. પરંતુ સંતોને ઉદ્વેગ થઈ આવતો. તેથી ઉપરોક્ત હૈયાવરાળ સદ્‌ગુરુ આગળ ઠાલવતાં સંતોએ કહ્યું.

સંતોએ આગળ વિશેષ સ્પષ્ટતા કરતાં કહ્યું, “ગુરુદેવ, આપની આજ્ઞાથી અમે રોજ સવારે વહેલા ઊઠી ધ્યાન કરીએ છીએ. મચ્છરનો ત્રાસ હોવાથી ગાતડિયું માથે ઓઢીને ધ્યાન કરવા બેસીએ છીએ. આપની કૃપાથી ધ્યાનમાં શ્રીહરિની દિવ્ય મૂર્તિનું અલૌકિક સુખ આવતાં દેહનું ભાન ભૂલી જવાય છે અને કલાક-બે કલાક સુધી ઊઠવાનું મન જ થતું નથી. અમને આવી રીતે બેઠેલા જોઈ કેટલાક દ્વેષીજનો અમને બંડિયા, મસાણિયા, ઢૂંઢિયા કહીને ખિજાવે છે. ધ્યાન કરીને ઘેલામાં સ્નાન કરવા જતાં

થોડું મોડું થઈ જાય છે તેથી રસ્તામાં આ દ્વેષી લોકો અમને આવા શબ્દોથી પરેશાન કરે છે.''

સદ્‌ગુરુ બોલ્યા, ''અજ્ઞાની લોકો ભલેને એલફેલ બોલે પણ આપણે સવળું ગ્રહણ કરીએ તો ઉદ્વેગ ઊભો થાય જ નહીં. બધા શબ્દોને જ્ઞાનની રીતે ઘટાવી ભગવાનની મૂર્તિ તરફ લક્ષ્ય રાખીએ તો મૂર્તિના સુખમાં મસ્ત રહેવાય. જો આપણે દરેક વાતે શબ્દોનું અર્થઘટન સવળું કરીએ તો કોઈ પ્રકારનો વાંધો આવે જ નહીં.''

સંતોએ કહ્યું, ''સ્વામી, આમાં શું સવળું લેવું ? તેઓને સમજાવીએ છીએ તોય તેઓ ખિજાવે જ છે. શું કરવું ?''

સદ્‌ગુરુએ કહ્યું, ''સંતો, એવું સવળું લેવાય કે તેઓ કહે 'ઢૂંઢિયા'. તો આપણે વહેલી સવારે ઊઠી ધ્યાનમાં શું ઢૂંઢીએ છીએ ? મૂર્તિ. મૂર્તિ ઢૂંઢીએ છીએ એટલે તો તેઓ ઢૂંઢિયા એમ કહે છે. એમાં ખોટું શું છે ? આપણે કહી દેવું : હા, અમે ઢૂંઢિયા છીએ. આપણને કહે, 'મસાણિયા'. તો જ્યાં મડદાં બાળવામાં આવે તેને સ્મશાન-મસાણ કહેવાય. આપણે આપણા દેહભાવને, કામ-ક્રોધ-માનાદિક દોષોને બાળવા ધ્યાન કરીએ છીએ. આ સર્વે દેહભાવને બાળી દઈએ એટલે મસાણિયા જ કહેવાય ને ! માટે કહેવું કે હા, અમે મસાણિયા છીએ. અને ધ્યાન કરી માયાની સામે રોજ સવારે બંડ પોકારીએ છીએ એટલે બંડિયા જ છીએ ને ! માટે કહેવું કે અમે બંડિયા છીએ.''

પછી સંતો આવો સવળો વિચાર ગ્રહણ કરતા તેથી અહોનિશ આનંદમાં રહેતા.

બસ, આવું જ બન્યું છે આપણા જીવનમાં. અનંત જન્મથી આપણે અવળા જ વર્તતા આવ્યા છીએ. ક્યારેય સવળા વિચારને આપણે ગ્રહણ કરી શક્યા જ નથી. જડ, મિથ્યા અને દુઃખદાયક એવું માયિક અને નાશવંત ક્ષણિક દેહ-ગેહાદિકનું સુખ જે ખરેખર સુખ જ નથી તેને સુખદાયક માનીએ છીએ. અને ભગવાન ને ભગવાનના સત્પુરુષ સુખદાયક છે તેમાં સુખ મનાતું નથી.

શ્રીજીમહારાજ ઓળા ગામે પધાર્યા હતા. સાથે વિશાળ સંખ્યામાં સંતો-ભક્તો હતા. એક ઝાડ નીચે મહારાજ સંતો-ભક્તો સાથે બિરાજમાન થયા હતા. એ જ વખતે કેટલાક બિનસત્સંગી ત્યાંથી નીકળ્યા. થોડે દૂર ઊભા રહી સંકલ્પ કરતા હતા : 'જુઓને આ સ્વામિનારાયણે આ બધાને કેવા બંધનમાં નાખી દીધા છે ! ઘરબાર, કુટુંબ-પરિવાર, સુખને છોડી કેવાં દુઃખી થાય છે !'

આ અવળો વિચાર. પોતે માયાના પ્રવાહમાં વહી દુઃખી થઈ રહ્યા છે તેનો વિચાર આવતો નથી અને જે સુખી છે તેને દુઃખી માને છે.

પ્રાંતિજના તીતા ભગત શ્રીજીમહારાજના અનન્ય નિષ્ઠાવાન આશ્રિત. સ્વભાવે ગરીબ પ્રકૃતિના, ભોળા અને નિર્દોષ ભક્ત. વ્યવહારે પણ ખૂબ જ દુર્બળ. ગામના ટીખળી માણસોને ભાવતું જડી ગયું. ટીખળ કરવાનું એક પાત્ર મળી ગયું. બધાએ ભેગા થઈને તીતા ભગતના માથે મુંડન કરાવી ચૂનો ચોપડ્યો. ગળામાં રીંગણનો મોટો હાર પહેરાવ્યો અને ગધેડા ઉપર અવળા બેસાડી આખા પ્રાંતિજમાં ફેરવ્યા અને પછી ઘેર લાવીને મૂકી દીધા. હવે દેહાભિમાની હોય તે તો આ સહન જ ન કરી શકે. પરંતુ આ તો પ્રભુનું આદર્શ પ્રિય પાત્ર. દિવ્ય ગુણોથી સભર. તેથી આ પરિસ્થિતિને સહજતાથી સ્વીકારી લીધી પરંતુ આવું થાય તો સહેજે ગૃહસ્થને તો આબરૂનો પ્રશ્ન થઈ પડે. પણ તીતા ભગત તો ભલા માણસ. આબરૂ શું કહેવાય તેની જ ખબર ન પડે પરંતુ તેમનાં ધર્મપત્ની રોષે ભરાયેલાં. તીતા ભગત જેવા ઘેર આવ્યા કે તરત જ તીતા ભગતને વઢવા માંડ્યું.

તીતા ભગતે તેમના ધર્મપત્નીને સમજાવ્યું કે, ''જુઓ, આપણને આમાં કાંઈ જ નુકસાન નથી. મેં પ્રાંતિજ ગામ આખું ક્યારેય જોયું નહોતું. મને બધાએ ભેગા થઈને આખું ગામ બતાવ્યું. બીજું, વાળ કપાવવા પૈસા નહોતા તેથી ત્રણ-ચાર મહિનાથી વાળ કપાવ્યા નહોતા તો વગર પૈસે મુંડન થઈ ગયું. હવે બીજા ત્રણ-ચાર મહિના વાળની ચિંતા જ નહીં. માથે ખોડો થયો હતો તે હવે મુંડન થઈ ગયું અને માથે ચૂનો ચોપડ્યો એટલે ખોડો પણ મટી જશે. રીંગણનો લાંબો હાર પહેરાવ્યો. જેનું શાક એકાદ અઠવાડિયું ચાલશે. તેથી તમારે પણ એક અઠવાડિયા સુધી શાકની ચિંતા નહીં.''

આવી રીતે એમણે આવેલી પરિસ્થિતિમાં સવળો વિચાર કર્યો પણ મૂંઝાઈ જઈ અવળા સંકલ્પો ન કર્યા. કેવી અદ્‌ભુત વિચારધારા !

ગમે તેવી પરિસ્થિતિ કે સંજોગો આવે તોપણ ભગવાનનો ભક્ત ક્યારેય મૂંઝાઈને અવળા વિચાર ન જ કરે. સત્સંગ મૂકવાનો પ્રયત્ન ન જ કરે. સવળા વિચારને અનુસરી ભગવાન અને સંતની મરજી-અનુવૃત્તિમાં જ રહે.

ઘર-પરિવારમાં પણ કોઈના શબ્દો સાંભળવા મળે, અનુકૂળ ન આવે તેવું વર્તન જોવા મળે ત્યારે સવળો વિચાર કરવાની કળા શીખી જઈએ તો વિપરીત સંજોગોમાં પણ આનંદમાં રહી શકાય.



**સુખિયા રહેવાનો સાર, સવળો વિચાર કરીએ.**



# કીર્તન ઇતિહાસ : વ્હાલા રમઝમ કરતા...

વડોદરા ગુજરાતની કાશી તરીકે પ્રખ્યાત હતું. સાહિત્ય, સંગીત અને કલાના આરાધકો સૈકાઓથી ત્યાં વસતા આવ્યા છે. સંવત ૧૮૮૦ના દાયકામાં વડોદરામાં શ્રીમંત સરકાર સયાજીરાવ ગાયકવાડ (બીજા)નું રાજ્ય હતું. એ સમયમાં વડોદરામાં સ્વામિનારાયણ સંપ્રદાયનો વિશેષ પ્રચાર કે પ્રસાર નહોતો થયેલો. તેથી ભગવાન સ્વામિનારાયણની અનુજ્ઞાથી મહાસમર્થ સત્પુરુષ સદ્. ગોપાળાનંદ સ્વામી વડોદરા સત્સંગ પ્રચારાર્થે પધારતા. તેઓના પ્રૌઢ પ્રતાપે અને જોગ-સમાગમે વડોદરામાં સદાશિવભાઈ, નાથ ભક્ત, ભાઉ પુરાણી, નારુપંત નાના, બાપુસાહેબ વગેરે મહાનુભાવો શ્રીજીમહારાજના આશ્રિત હરિભક્ત બન્યા હતા. ત્યારથી સ્વામિનારાયણ સંપ્રદાયનો વડોદરામાં વ્યાપ વધતો જોઈ અન્ય ધર્મી વિઘ્નસંતોષીઓને ખૂબ ઈર્ષ્યા થવા લાગી. વડોદરા રાજ્યના દીવાન વિઠ્ઠલરાવ સત્સંગના કટ્ટર વિરોધી હતા.

એક અન્ય સંપ્રદાયના વેદાંતાચાર્યને શ્રીજીમહારાજે વડતાલમાં શાસ્ત્રાર્થ કરી હરાવેલા. તે પણ ત્યાંથી વડોદરા આવી આ દીવાન ભેગા ભળી સ્વામિનારાયણ સંપ્રદાય વિરુદ્ધ કાવતરાં રચવા લાગ્યા. બંનેએ ભેગા મળી શ્રીમંત સયાજીરાવ ગાયકવાડ સરકારને કાનભંભેરણી કરી કે, "આ સ્વામિનારાયણ સંપ્રદાય વેદ વિરુદ્ધ છે. વળી, કળિયુગમાં ભગવાન ન હોય અને આ સ્વામિનારાયણ તો ભગવાન થઈને પૂજાય છે. માટે તેનાં પારખાં કરવાં જોઈએ. અમારી એક અરજ છે કે સ્વામિનારાયણના કોઈ

વિદ્વાન સાધુ અમારી સાથે શાસ્ત્રાર્થ કરે અને તેમાં એ જીતે તો અમે સ્વામિનારાયણ સંપ્રદાયને માન્ય રાખીએ અને હારે તો એ સંપ્રદાયના કોઈ પણ સાધુ કે અનુયાયી વડોદરા રાજ્યમાં ન રહેવા જોઈએ.'' સયાજીરાવ સરકારે યોગમૂર્તિ સદ્. ગોપાળાનંદ સ્વામીનો જોગ કરેલો એટલે સત્સંગ પ્રત્યે મહિમા થયેલો પણ દીવાન અને વેદાંતાચાર્યના મનના સમાધાન ખાતર આ વિનંતી સ્વીકારી. તેઓ જાણતા જ હતા કે જીત સ્વામિનારાયણ ભગવાનના વિદ્વાન સાધુની જ થશે.

ગાયકવાડ સરકારે નાથ ભક્ત દ્વારા શ્રીજીમહારાજને ગઢડા સંદેશો મોકલી કોઈ વિદ્વાન સંતને શાસ્ત્રાર્થ માટે મોકલવાની પ્રાર્થના કરી. શ્રીજીમહારાજે નિમંત્રણ વાંચી સદ્. મુક્તાનંદ સ્વામીને આજ્ઞા કરી કે, ''સ્વામી, તમે વડોદરા જઈ શાસ્ત્રોના પ્રમાણોથી સાબિત કરો કે અમો અને અમે સ્થાપેલ સંપ્રદાય વૈદિક છે.'' નિર્માનીપણાના સાક્ષાત્ સ્વરૂપ સમા મુક્તમુનિએ હાથ જોડી મહારાજને પ્રાર્થના કરી કે, ''મહારાજ, મારા કરતાં તો સદ્. નિત્યાનંદ સ્વામી જેવા પ્રખર વિદ્વાન સંત ત્યાં જાય એ જ યોગ્ય કહેવાય.'' આ સાંભળી મહારાજ બોલ્યા, ''સ્વામી, અમારે જગતને એ સમજાવવું છે કે અમારા એક અભણ જણાતા સંતમાં પણ કાશી કે વડોદરાના વિદ્વાનને જીતવાનું સામર્થ્ય રહેલું છે. માટે સ્વામી, આપે જ વડોદરા જવાનું છે.''

''ભલે મહારાજ, જેવી આપની આજ્ઞા.'' એમ કહી સ્વામી પોતાના સંત મંડળને લઈ વડોદરા પધાર્યા.

સંવત ૧૮૮૧ના ચાતુર્માસમાં સદ્. મુક્તાનંદ સ્વામીએ વેદાંતાચાર્યને શાસ્ત્રાર્થમાં પરાજિત કર્યા તથા અનેક મતપંથના આચાર્યો અને પંડિતોના પ્રશ્નોનું યથાર્થ સમાધાન કરી સ્વામિનારાયણ સંપ્રદાયના સિદ્ધાંતોનું પ્રતિપાદન કર્યું.

સદ્. મુક્તાનંદ સ્વામીની કથાવાર્તા કરવાની શૈલી અને વર્તનશીલ જીવનથી શ્રીમંત સયાજીરાવ સરકાર પ્રભાવિત થયા હતા. પરિણામે સ્વામી ત્રણ મહિના વડોદરા રોકાયા તે દરમ્યાન દરરોજ તેઓ સ્વામીનો સમાગમ કરવા નાથ ભક્તના વાડામાં જે નાનકડું હરિમંદિર હતું ત્યાં જતા. સ્વામી પાસેથી શ્રીજીમહારાજનો મહિમા તથા એમના લીલાચરિત્રોનું શ્રવણ કરી સરકારના અંતરમાં શ્રીજીમહારાજનાં દર્શનની ત્વરા જાગી. સરકારે શ્રીજીમહારાજને વડોદરા પધારવા માટે આગ્રહભર્યું આમંત્રણ પાઠવ્યું. તેમના આમંત્રણનો ભાવ સ્વીકારી સંવત ૧૮૮૨ના કાર્તિક વદ ત્રીજના રોજ શ્રીજીમહારાજ વડતાલથી સંત-હરિભક્તના વિશાળ સમૂહ સાથે વડોદરાના પાદરે આવેલા છાણી ગામ પાસે આવી પહોંચ્યા.

શ્રીજીમહારાજના આગમનના સમાચાર સાંભળતાં જ સદ્. મુક્તાનંદ સ્વામીના અંતરમાં આનંદ આનંદ વ્યાપી ગયો. ત્રણ ત્રણ મહિનાના વિરહ પછી પોતાના પ્રાણપ્યારા પ્રીતમને વધાવવા સ્વામી સયાજીરાવ સરકાર તથા સંત-હરિભક્ત મંડળ સાથે હરખભેર સામે પધાર્યા. એ વખતે સ્વામીના હૃદયમાંથી કીર્તનના શબ્દો સરી પડ્યા,

**''વ્હાલા રમઝમ કરતા શ્યામ, મારે ઘેર આવો રે;**
**મારા પૂરા કરવા કોડ, હસીને બોલાવો રે.''**

સ્વામીની ભાવોર્મિ કીર્તનના સ્વરૂપમાં પિછાણી શ્રીજીમહારાજ અત્યંત પ્રસન્ન થયા.

## સંત શિબિર



- ભગવાન સ્વામિનારાયણ પ્રબોધિત સંપૂર્ણ નિયમ-ધર્મના પાલક સંતોની સેવા એટલે સ્વયં ભગવાનની સેવા.
- સંત જમે તે ભેળો હું જમું રે, સંત વાત ભેળી કરું વાત રે.
- સંસ્થાના તમામ પૂ. સંતો તથા પૂ. ત્યાગી મહિલામુક્તોને એકસાથે જમાડવાનો અણમોલ લાભ.

**ખાસ નોંધ :**

SMVSના તમામ મંદિરોમાં આ સેવા નોંધાવી શકાય છે. સંસ્થાની વેબસાઇટ SMVS.org પરથી ડોનેશન સેક્શનમાં જઈ ઑનલાઇન રસોઈ સેવા નોંધાવી શકાય છે.

**૦૯ થી ૨૫ જૂન, ૨૦૨૬**

**સેવાની વિગત**
**સંસ્થાના તમામ પૂ. સંતોને રસોઈ – ૨૫૦૦/–**
**સંસ્થાના તમામ પૂ. મહિલા ત્યાગીમુક્તોને રસોઈ – ૨૫૦૦/–**



પ્રેમથી કરેલું ભજન ભગવાન સુધી પહોંચે છે.



# સ્વામિનારાયણ મહામંત્ર મહાત્મ્ય

ભારતીય તત્ત્વજ્ઞાનમાં મંત્રજાપ વિશિષ્ટ મહત્ત્વ ધરાવે છે. પૌરાણિક શાસ્ત્રોમાં દર્શાવાયેલા મંત્રોનો યોગ્ય પદ્ધતિથી, વિધિપૂર્વક, શ્રદ્ધા સાથે લાંબા સમય સુધી જાપ કરવાથી આ લોકના તન, મન, ધનના દુઃખોની નિવૃત્તિ થાય છે તથા મનોવાંછિત ફળની પ્રાપ્તિ થાય છે. પરંતુ બહુધા તે લૌકિક હોય છે અર્થાત્ આ મંત્રોથી આ લોકનાં સુખ મળે છે.

પરંતુ એવો કોઈ મંત્ર ખરો જેના જાપમાત્રથી આ લોકના સર્વે દુઃખોની નિવૃત્તિ થાય ! અણધારી પરિસ્થિતિમાંથી સહેજે ઊગરી શકાય અને જીવાત્મા આત્યંતિક કલ્યાણના માર્ગે પ્રગતિ સાધી શકે. આ લોકના તમામ દુઃખોની નિવૃત્તિ પામવા તથા પરભાવની સ્થિતિ પામવાનો એકમાત્ર સર્વોપરી મંત્ર એટલે ‘સ્વામિનારાયણ’ મંત્ર. ખરેખર ‘સ્વામિનારાયણ’ મંત્ર નથી; મહામંત્ર છે. અનંત બ્રહ્માંડોમાં સૌથી પ્રભાવશાળી અને શક્તિશાળી મહામંત્ર છે. કારણ, સ્વયં અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ શ્રીહરિના મુખેથી પ્રકાશિત થયેલો મહામંત્ર છે. એટલું જ નહિ, સ્વામિનારાયણ મહામંત્ર એ સ્વયં શ્રીહરિનું દિવ્ય નામ છે.

સદ્. રામાનંદ સ્વામીના ચૌદમાના દિવસે એટલે કે સંવત ૧૮૫૮ના માગશર વદિ એકાદશીના દિવસે ફણેણી મુકામે શ્રીહરિએ સૌપ્રથમ વખત સદ્. રામાનંદ સ્વામીની ગાદીએ આરૂઢ થઈ સર્વે સંતો-ભક્તોની સભા સંબોધી હતી. સંપ્રદાયનો ઈતિહાસ એવું કહે છે કે એ દિવસે આશરે ૨૫૦૦૦ હરિભક્તો

**મહામંત્રનો જાપ એ સર્વ રોગની એકમાત્ર દવા છે.**

સભામાં ઉપસ્થિત હતા. આજની આ ભવ્ય સભામાં શ્રીહરિએ સ્વમુખે સ્વયંનું દિવ્ય નામ પ્રકાશિત કર્યું 'સ્વામિનારાયણ'. 'સ્વામિનારાયણ' મહામંત્રનો ઉદ્ભવ કરી શ્રીહરિએ...

- સ્વયંના આશ્રિતમાત્રને એક મંત્રનો જાપ, એક નામનું સ્મરણ, એક જ રટણ અને એક જ મંત્રની માળા કરવાની આજ્ઞા કરી.
- સદ્. રામાનંદ સ્વામી દ્વારા સ્થાપિત ઉદ્ધવ સંપ્રદાયમાંથી સ્વામિનારાયણ સંપ્રદાયની સ્થાપના કરી.
- જે હેતુ માટે શ્રીહરિ આ બ્રહ્માંડમાં પધાર્યા હતા તે શુદ્ધ ઉપાસનાનું પ્રથમ ચરણ આરંભી દીધું.

સ્વામિનારાયણ મહામંત્રનો ઉદ્ભવ થયે આ વર્ષે (સંવત ૨૦૮૩માં) ૨૨૫ વર્ષ પૂર્ણ થઈ રહ્યાં છે. ત્યારે ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ શ્રીહરિ સંકલ્પ મહોત્સવ ઉપક્રમે સ્વામિનારાયણ મહામંત્ર દ્વિશતાબ્દી રજત મહોત્સવ ઊજવવાનો સંકલ્પ કર્યો છે. તે નિમિત્તે એસ.એમ.વી.એસ. પરિવારના તમામ હરિભક્તોને પરિવાર દીઠ ૨૫-૨૫ મહામંત્ર નોટબુકનું લેખન કરવાની આજ્ઞા કરી છે. વળી, એસ.એમ.વી.એસ. મહિલા વિભાગને ૨૨૫ કલાકની ધૂન કરવાની આજ્ઞા કરી છે.

આપણે સૌ ગુરુજીની આજ્ઞાને અધ્ધરથી ઝીલી સ્વામિનારાયણ મહામંત્ર દ્વિશતાબ્દી રજત મહોત્સવ ઊજવીએ.

**સ્વામિનારાયણ મહામંત્રનો પ્રતાપ કેવો છે ?** તો, સ્વામિનારાયણ મહામંત્રના જાપથી પાપમાત્રનો પ્રલય થાય છે. મહામંત્રનો જાપ એ તમામ રોગોની દવા છે.

જીવને સુખિયો કરવા સંજીવની સમાન છે. સ્વભાવ, દોષો, વાસના, સાંસારિક ત્રિવિધ તાપ તથા માન-અપમાનાદિક તમામ શત્રુઓથી પર થવાનો એક ઉપાય એટલે સ્વામિનારાયણ મહામંત્રનું રટણ.

સદ્. ગુણાતીતાનંદ સ્વામીએ સ્વામિનારાયણ મહામંત્રનો પ્રૌઢ પ્રતાપ વર્ણવતાં પ્રકરણ-૧, વાર્તા-૧૫૪માં કહ્યું છે કે, "અને સ્વામિનારાયણ નામનો મંત્ર, એવો બીજો કોઈ મંત્ર આજ બળિયો નથી. એ મંત્રે કાળા નાગનું ઝેર ન ચડે, ને એ મંત્રે વિષય ઊડી જાય ને બ્રહ્મરૂપ થવાય છે; ને કાળ, કર્મ, માયાનું બંધન છૂટી જાય છે. એવો બહુ બળિયો એ મંત્ર છે. માટે નિરંતર ભજન કરવું."

સ્વામિનારાયણ મહામંત્રના રટણ માટે ચાર માધ્યમ સર્વથા વધુ પ્રચલિત છે : (૧) માળા દ્વારા, (૨) ધૂન દ્વારા, (૩) મંત્રલેખન દ્વારા, (૪) મંત્ર કાઉન્ટર દ્વારા. સ્વામિનારાયણ સંપ્રદાયમાં નંદસંતો દ્વારા અદ્યાપિ ઉંમર જેટલી માળા કરવાનો નિયમ ચાલતો આવ્યો છે. વર્તમાનકાળે ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી પણ પોતાના ત્યાગી સમાજ તથા નિકટવર્તી ગૃહસ્થ હરિભક્ત સમાજ પાસે દરરોજ ઉંમર જેટલી માળા કરવાનો આગ્રહ સેવે છે. ગુરુજી સ્વયં પરભાવનું સ્વરૂપ છે. અહોનિશ શ્રીહરિની મૂર્તિમાં રમણ કરે છે છતાં આપણને રીત શીખવવા સ્વયં પોતે પણ દરરોજ ઉંમર જેટલી માળા દ્વારા સ્વામિનારાયણ મહામંત્રનું રટણ કરે છે.

સદ્. ગોપાળાનંદ સ્વામીએ કેવી રીતે મંત્રજાપ કરીએ તો કેવું ફળ મળે તેની રીત જણાવતાં કહ્યું છે કે, 'શ્રીહરિનું સ્વામિનારાયણ નામ-સ્મરણ જિહ્વાએ કરીને કરવાથી સ્થૂળ શરીરની વાસના (દોષો) બળે છે. કંઠને વિષે ભજન કરે તો સ્થૂળ અને સૂક્ષ્મ એ બંને શરીરની વાસના બળે છે અને જિહ્વા તથા કંઠને ન હલાવે ને હૃદયને વિષે જ્યાં શ્વાસ ઊઠે છે ત્યાંથી ભજન કરવાથી કારણ શરીર સહિત ત્રણે શરીરની વાસના નાશ પામે છે. છેલ્લે ઇન્દ્રિયો-અંતઃકરણ તથા માયિકભાવે રહિત કેવળ સત્તારૂપ થઈને જીવ પોતાને બ્રહ્મરૂપ કહેતાં પુરુષોત્તમરૂપ માનીને શ્રીહરિનું પ્રતિલોમ વૃત્તિએ ધ્યાન કરે તો પછી એ ભક્તને પૂર્વ, પશ્ચિમ ઇત્યાદિ દિશાઓનો ભાવ ટળી જતાં કારણ શરીર સહિત ત્રણે દેહનો નાશ થાય છે. અને એ મુમુક્ષુનો ચૈતન્ય પુરુષોત્તમરૂપ થઈ આત્યંતિક કલ્યાણ પામે છે.'

ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી કહે છે કે, "માત્ર સ્વામિનારાયણ મહામંત્રનો જાપ કે લેખન કરવાથી પ્રારંભિક ફાયદા જરૂર થાય પણ નામીએ સહિત નામરટણ કરવાથી અર્થાત્ મૂર્તિની સ્મૃતિ કરવાથી અથવા મૂર્તિરૂપ થઈને નામ-સ્મરણ કરવાથી અનંતગણો લાભ થાય છે."

**મંત્રજાપ કરવાની યોગ્ય રીત :**

૧. મંત્રજાપનું માધ્યમ નક્કી કરવું : માળા દ્વારા કે ધૂન દ્વારા કે માત્ર અંતરથી રટણ દ્વારા.

૨. સ્વામિનારાયણ મહામંત્રનો જાપ નિયમિત કરવો. તેમાં સાતત્યતા જાળવી રાખવી.

૩. જે માધ્યમ નક્કી કરીએ તેની એકસરખી લય, ગતિ તથા સમયમર્યાદા નક્કી કરી રાખવી.

૪. એકાગ્રચિત્તે દેહનું (અવરભાવમાત્રનું) ભાન ભૂલી જઈ નાભિમાંથી સ્વામિનારાયણ મહામંત્રનું નામીએ સહિત નામરટણ કરવું.

આ રીતે મંત્રજાપ કરવાથી સાધક સહજતાથી શ્રીહરિની કૃપાનું પાત્ર બની જાય છે.

ખોપાળા ગામના જેઠા ભગત શ્રીહરિના અનન્ય આશ્રિત હતા. તેઓને શ્રીહરિનું કર્તાપણું જીવસત્તાએ લક્ષ્યાર્થ હતું. વળી, નિરંતર શ્રીહરિનું ભજન-સ્મરણ કરવાનું તેમનું અંગ બંધાઈ ગયું હતું. તેઓ હાલતાં-ચાલતાં, ઊઠતાં-બેસતાં નિરંતર સ્વામિનારાયણ મહામંત્રનું ગુંજન કર્યા કરતા.

એક વખત ગામના ચોરે દસ-બાર પટેલો બેઠા હતા. એ વખતે એક મોટો નાગ આવ્યો. તેને જોઈ પટેલો નાસભાગ કરવા લાગ્યા. જેઠા ભગત આ જોઈ બોલ્યા, "ભાગો છો શું ? નાગને કરડવા દેવો કે ન દેવો તે આપણા મહારાજની મરજીની વાત છે." એમ કહી જેઠા ભગત નાગની સામે ઉઘાડે શરીરે બેસી રહ્યા. નાગ તો ભગત પાસે આવી સાથળ પર ચડી કેડે વીંટાઈ ગયો. જેઠા ભગતના મોં સામે ફેણ ચડાવી ફૂંફાડા માર્યા. ભગત તો સ્થિતપ્રજ્ઞ અવસ્થામાં રહી અંતરથી સ્વામિનારાયણ મહામંત્રનું ભજન કરતા હતા. નાગ ભગતની નાભિ પર બે-ચાર વખત માથું મારી જતો રહ્યો પણ કરડ્યો નહીં.

ભગતની આ સ્થિતપ્રજ્ઞ અવસ્થા જોઈ ગામના પટેલોને ખૂબ આશ્ચર્ય થયું. તેઓ પૂછવા લાગ્યા, "તમે આવી સ્થિતિમાં પણ સ્થિતપ્રજ્ઞ રહી શક્યા તેનું શું કારણ ?" ત્યારે જેઠા ભગતે કહ્યું, "એક તો હું મારા સ્વામિનારાયણ ભગવાનને જ સર્વ કર્તા-હર્તા જાણું છું. જે કંઈ કરે છે તે એ જ કરે છે. બીજું, હું સ્વામિનારાયણ મહામંત્રનો નિત્ય જાપ કરું છું. એટલે ભગવાને મને એટલી શક્તિ આપી છે કે કોઈ પણ સ્થિતિ-પરિસ્થિતિમાં હું સ્થિતપ્રજ્ઞ રહી શકું છું."

આપણા રોજબરોજના જીવનમાં પણ દરેક દિવસો એકસરખા હોતા નથી. અનુકૂળતા અને પ્રતિકૂળતા એ બંને જીવનના સિક્કાની બે બાજુ છે. આવી દરેક સ્થિતિમાં પણ સ્થિતપ્રજ્ઞ રહેવા તથા અધ્યાત્મ માર્ગે પ્રગતિ સાધવા સ્વામિનારાયણ મહામંત્રનો જાપ ખૂબ સહાયરૂપ બને છે. આ મહામંત્રના જાપથી ભૂત-પિશાચ દૂર ભાગે છે.

સુરેન્દ્રનગર વિસ્તારમાં આવેલું પચ્છે ગામ. તે ગામમાં શ્રીહરિના અનન્ય આશ્રિત હરજીવન વૈદ્ય રહેતા હતા. એકમાત્ર શ્રીહરિનો આશરો તથા તેઓના મુખે નિરંતર સ્વામિનારાયણ મહામંત્રનું રટણ થયા કરતું. એક વખત કોઈના કહેવાથી કટોસણ ગામના દરબાર હરજીવન વૈદ્ય પાસે દીકરા થાય તેની દવા કરાવવા આવ્યા. વૈદ્યરાજે કહ્યું, "હું બીજું તો કંઈ જાણતો નથી પણ તમારા ઘેર પારણું બંધાય તેવી મારા પ્રભુને પ્રાર્થના જરૂર કરીશ. પ્રભુની ઇચ્છા હશે તો જરૂર તમારો મનોરથ પૂરો થશે." એમ કહી થોડી દવા આપી. શ્રીહરિની ઇચ્છાથી દરબારને ત્યાં દીકરાનો જન્મ થયો. તેમને તો દૃઢપણે મનાઈ ગયું કે આ દીકરો પેલા સ્વામિનારાયણના ભગત હરજીવન વૈદ્યના આશીર્વાદથી જ આવ્યો છે. તેથી દીકરાને આશીર્વાદ આપવા વૈદ્યને દરબારે કટોસણ બોલાવ્યા.

કામકાજમાં વ્યસ્ત વૈદ્યરાજ જઈ શકતા ન હતા. અંતે દરબારના અતિ આગ્રહથી પાંચ વર્ષે વૈદ્ય કટોસણ જવા તૈયાર થયા. પચ્છે ગામથી લીંબડી આવી બસ સ્ટૅન્ડે બેઠા. તેમના હાથમાં માળા, કંઠમાં તુલસીની સ્વામિનારાયણીય કંઠી તથા કપાળમાં ઊર્ધ્વપુંડ્ર તિલક અને તે મધ્યે કુમકુમનો ચાંદલો સૌ કોઈના આકર્ષણનું કેન્દ્ર બની ગયાં હતાં. બસ આવવાની હજુ વાર હતી ત્યાં એક અજાણ્યા ભાઈ વૈદ્યરાજની બાજુમાં આવીને બેઠા ને બોલ્યા, "તમે કટોસણ ગામે ત્યાંના દરબારના દીકરાને આશીર્વાદ આપવા જાવ છો ને ? પણ તમને એક વાત કહું ? આજે સવારે જ દરબારનો દીકરો મૃત્યુ પામ્યો છે. માટે હવે ત્યાં જવાનું માંડી વાળો. તમારા પર ખોટું આળ નખાશે." વૈદ્યરાજ તો આ બધું સાંભળી આશ્ચર્યચકિત થઈ ગયા. એક તો અજાણી વ્યક્તિ પોતા વિષે આટલું જાણે કેવી રીતે ? બીજું, દીકરો મૃત્યુ પામ્યો તે વાત સાચી કે ખોટી ? વૈદ્યરાજે પૂછ્યું, "ભાઈ, તમને મારા વિષે આટલી માહિતી કોણે આપી ? તમે કોણ છો ?" અજાણી વ્યક્તિએ પહેલાં તો કશું કહ્યું નહિ પણ વૈદ્યરાજના આગ્રહથી કહ્યું, "હું મેલીવિદ્યાનો જાણકાર છું. મને તે વિદ્યા સિદ્ધ છે એટલે પિશાચ મને કહી જાય છે." વૈદ્યરાજે તે ભાઈનું નામ, સરનામું પૂછી લીધું. તે તો દરબારનો દીકરો જીવે છે કે મૃત્યુ પામ્યો તેની ખાતરી કરવા કટોસણ ગયા. દીકરો ધામમાં જ ગયો છે તેવા સમાચાર મળતાં વૈદ્યરાજ ત્યાંથી જ પરત આવી લીંબડી ખાતે આ અજાણ્યા ભાઈના ઘરે ગયા અને કહ્યું, "તમે જે વિદ્યા સિદ્ધ કરી છે તે મારે પણ શીખવી છે. માટે મને શીખવો."

આ ભાઈએ વૈદ્યરાજને સમજાવતાં કહ્યું, "ભગત, તમે સ્વામિનારાયણ ભગવાનના ભક્ત છો. ભગવાનનું નામરટણ છોડી શા માટે આવી વિદ્યા ભણવી છે ? આ વિદ્યામાં કંઈ માલ નથી. માટે આવા અન્યના અંતરનું જાણવાના કોડ મૂકી દો. હું હેરાન થઉં છું તેમ તમે પણ થશો." પરંતુ હરજીવન વૈદ્યને હવે

અંતર્યામીપણું મેળવી મોટ્યપ કમાવાના કોડ જાગ્યા હતા. તેમણે આગ્રહપૂર્વક પેલા ભાઈ પાસેથી મંત્રો શીખ્યા.

હરજીવન વૈદ્ય તો પેલા ભાઈના શીખવ્યા મુજબ રાત્રે સ્મશાનમાં જઈ મંત્રજાપ કરવા લાગ્યા. ત્યાં અડધી રાત્રે પિશાચ પ્રગટ થયો અને અટ્ટહાસ્ય કરતો વૈદ્યની પીઠ પાછળ ઊભો રહી ગયો. વૈદ્યે કહ્યું, “તમે મારી સામે આવો; કેમ પાછળ ઊભા છો ?”

ત્યારે પિશાચ બોલ્યો, “હું તમારી સામે આવી શકું એવી મારી કોઈ તાકાત નથી. કારણ કે તમે તમારા ભગવાનનું એટલું નામ-સ્મરણ કર્યું છે જેથી તમારામાં અપાર શક્તિ છે જેને જીરવવા હું સમર્થ નથી. વળી, તમને ભગવાનના ભક્ત થઈ આવી કુબુદ્ધિ કેમ સૂઝી ? તમે મને વશ કરીને શું કરશો ? બીજાના મનની વાત જાણીને તમારે મોટા થઈને પૂજાવું છે ?! હે હરજીવન વૈદ્ય ! આ અમારી પિશાચ યોનિ છે. જેમાં દુઃખનો પાર નથી. તમે મને એક વાર વશ કરી દેશો પછી તમે આમાંથી છટકી શકશો નહીં. આ યોનિમાં એક વાર પ્રવેશ કર્યો પછી મોક્ષ નહિ મળે. તમારો તમારા ઈષ્ટદેવ સાથેનો સંબંધ કાયમી પૂરો થઈ જશે. તમારું મૃત્યુ થશે પછી અમારી યોનિમાં જ ભળવું પડશે. જ્યાં મોક્ષ કોઈ કાળે શક્ય નથી. અત્યારે તમને જે ઈષ્ટદેવ મળ્યા છે, જે મહામંત્ર મળ્યો છે તે મોક્ષ આપનારો છે. માટે હવે તમે વિચારો કે તમારે મને વશ કરવો છે કે !”

હરજીવન વૈદ્યની આંખો ખૂલી ગઈ. પોતે કરેલી ભયંકર ભૂલ ઓળખાઈ ગઈ. તેઓ બોલી ઊઠ્યા, “તમે મારી આંખો ખોલી દીધી છે. મારે હવે તમને નહિ, મારા ભગવાનને જ વશ કરવા છે.” તેઓ ત્યાંથી ભાગીને પચ્છે ગામ આવ્યા. ઘરે આવી ઠાકોરજી પાસે ધ્રુસકે ને ધ્રુસકે રડી પડ્યા. ખૂબ પ્રાર્થના કરી. આ છે સ્વામિનારાયણ મહામંત્રનો પ્રતાપ !

એકવીસમી સદીના અત્યાધુનિક યુગમાં દિન-પ્રતિદિન વિજ્ઞાનની શોધખોળ વધતી જાય છે. છતાં શરીરના જુદા જુદા રોગને મટાડવા જુદી જુદી દવા લેવી પડે છે. દરેક રોગની એક માસ્ટર દવા હજુ આજ સુધી શોધાઈ નથી અને કદાચ વિજ્ઞાન શોધી પણ નહિ શકે. જ્યારે આજથી ૨૨૫ વર્ષ પૂર્વે સ્વામિનારાયણ ભગવાને સ્વામિનારાયણ મહામંત્ર આપી આશ્રિતમાત્રને ‘સબ રોગ કી એક હી દવા’ આપી છે. શરીરના કોઈ પણ રોગ નિવારવા હોય કે આત્માના રોગનું નિવારણ કરવું હોય; સ્વામિનારાયણ મહામંત્રનું રટણ એ અકસીર દવાનું કામ કરે છે. ત્યારે આપણે સૌ જાગૃતિપૂર્વક સ્વામિનારાયણ મહામંત્રના રટણની આદત પાડી મહારાજ અને ગુરુજીનો રાજીપો કમાઈએ.

## મૂર્તિસુખે સુખિયા

**કારણ સત્સંગના દિવ્ય પરિવારના પરમ કૃપાપાત્ર મુક્તો કે જેઓ શ્રીહરિની ઇચ્છાથી મૂર્તિસુખે સુખિયા થયા છે. તેઓની નામાવલિ અત્રે આલેખેલ છે :**

મૂ.નિ. નવનીતભાઈ જમનાદાસ ભાવસાર, ઉંમર વર્ષ-૭૫, મહેસાણા; તા. ૧૭-૪-૨૦૨૬

મૂ.નિ. નવ્ય પીયૂષભાઈ પટેલ, ઉંમર વર્ષ-૮, આફ્રિકા; તા. ૨૮-૪-૨૦૨૬

મૂ.નિ. જીતેશભાઈ સવજીભાઈ મકવાણા, ઉંમર વર્ષ-૫૩, સુરત; તા. ૨-૫-૨૦૨૬

મૂ.નિ. જિગ્નેશકુમાર ભગવાનભાઈ પટેલ, ઉંમર વર્ષ-૪૫, ઘાટલોડિયા; તા. ૨-૫-૨૦૨૬

મૂ.નિ. જયંતિલાલ જગજીવનદાસ ઠક્કર, ઉંમર વર્ષ-૮૮, ધોળકા; તા. ૨-૫-૨૦૨૬

મૂ.નિ. ભગવાનભાઈ અરજણભાઈ ઘેવરિયા, ઉંમર વર્ષ-૭૪, નિકોલ; તા. ૫-૫-૨૦૨૬

મૂ.નિ. જગદીશભાઈ શનાભાઈ પટેલ, ઉંમર વર્ષ-૭૫, સૈજપુર; તા. ૧૦-૫-૨૦૨૬

મૂ.નિ. શૈલેષભાઈ કાંતિલાલ વૈદ્ય, ઉંમર વર્ષ-૬૩, લાડોલ; તા. ૧૦-૫-૨૦૨૬


મૂ.નિ. ભાવેશભાઈ હીરાભાઈ પટેલ, ઉંમર વર્ષ-૪૫, ઈસનપુર; તા. ૧૨-૫-૨૦૨૬

મૂ.નિ. લક્ષ્મીબેન બેચરભાઈ પટેલ, ઉંમર વર્ષ-૯૩, વિજાપુર; તા. ૩૦-૩-૨૦૨૬

મૂ.નિ. ચંદ્રિકાબેન દિલીપભાઈ બ્રહ્મભટ્ટ, ઉંમર વર્ષ-૭૦, સીડોસણા; તા. ૩૦-૩-૨૦૨૬

મૂ.નિ. શકુંતલાબેન ઘનશ્યામભાઈ ભટ્ટ, ઉંમર વર્ષ-૮૨, આણંદ; તા. ૨૯-૪-૨૦૨૬

**આ મુક્તોએ ઘરધણી થઈ તન, મન અને ધનથી સંસ્થાને વફાદાર રહીને મમત્વભાવે સેવાઓ કરી છે અને ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીનો રાજીપો મેળવેલ છે. શ્રીજીમહારાજ, ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના ચરણોમાં પ્રાર્થના કે તેમના ચૈતન્યને મૂર્તિના અવિચળ સુખભોક્તા કરે.**



# ખરાં માવતર

નવાસવા જન્મેલા બાળક માટે પોતાની માતાની સોડ્ય હંમેશાં પરમ સુખકારી મનાય છે. પછી ભલેને એ નવજાત બાળક મનુષ્યનું હોય કે પશુ-પક્ષીનું કે પછી જીવ સૃષ્ટિના કોઈ પણ જીવ-પ્રાણીમાત્રનું બાળક હોય પરંતુ માતાના ખોળામાંથી મળતી હૂંફ તેને હંમેશાં સુરક્ષિત હોવાનો અહેસાસ કરાવે છે. એમ મારા માટે મારા વ્હાલા ગુરુજી એટલે મારી પરભાવી મા. હે મહારાજ ! કેવી અપાર કરુણા કરી કે આપે અમને આ યોગમાં ખેંચી લીધા અને બીજે કયાંય નહિ પરંતુ ગુરુદેવ અને વ્હાલા ગુરુજીની ગોદમાં બેસાડી નિર્ભય કરી દીધા. જ્યારથી આ દિવ્યપુરુષે અમને વર્તમાન ધરાવ્યાં ત્યારથી અમારા અવરભાવ અને પરભાવની બધી જ જવાબદારી તેઓએ પોતાના શિરે લઈ લીધી છે. જે બાબતના આજે આપણે સૌ કોઈ સાક્ષી છીએ. આવો, વ્હાલા ગુરુજી ખરા અર્થમાં માવતર બની આપણ સૌની કેવી સંભાળ લઈ રહ્યા છે તેનું દર્શન કરી મહાત્મ્યના સાગરમાં ડૂબકી લગાવીએ.

તા. ૨-૮-૨૦૨૪ ને શુક્રવારના રોજ પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજ સંગે વ્હાલા ગુરુજી લંડન ખાતે દિવ્ય સત્સંગ વિચરણ હેતુ પધાર્યા હતા. આજરોજ રાત્રિ સમયે ઠાકોરજી જમાડ્યા બાદ વ્હાલા ગુરુજીના સાંનિધ્યમાં કિશોર સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજ સંગે વ્હાલા ગુરુજીનું સભામાં આગમન થયું. ઠાકોરજીનાં દર્શન-દંડવત બાદ વ્હાલા ગુરુજીએ આસન ગ્રહણ કર્યું. આજના દિને કિશોર સભાના પ્રારંભે કિશોરો દ્વારા કાલાવાલા સ્વરૂપે ઠાકોરજી તથા ગુરુજીને રાજી કરવા પૂજન, પુષ્પ અર્પણ, ફ્રૂટ તેમજ ડ્રાયફ્રૂટ અર્પણ કરવામાં આવ્યું હતું. વ્હાલા ગુરુજી પણ પ્રસન્ન વદને સૌના પર રાજીપો વરસાવી રહ્યા હતા.

ત્યારબાદ ‘એક કિશોરમુક્ત આજના પ્રસંગે વ્હાલા હરિકૃષ્ણ મહારાજને સોનાનો હાર અર્પણ કરી રહ્યા છે’ તેવી જાહેરાત કરવામાં આવી. ગુરુજીની નજર ઍનાઉન્સર તરફ કુતૂહલવશ પડતી હતી. એવામાં જે કિશોરમુક્તે આ સુવર્ણ હારની સેવા કરી હતી તે ઊભા થઈ આગળ આવ્યા. સભા મધ્યે બિરાજમાન

હરિકૃષ્ણ મહારાજને સુવર્ણનો હાર અર્પણ કરી ગુરુજીનાં દર્શન કરવા આવ્યા. ગુરુજીએ તરત તેમનો હાથ પકડી નજીક બોલાવી સભા વચ્ચે બેથી ચાર મિનિટ વાતો કરી કાનમાં કહ્યું કે, "અત્યારે આ સેવા કરવાની જરૂર નથી. સાનુકૂળ હોય તે વખતે અને મહારાજ કરાવે ત્યારે કરજો પણ અત્યારે ન કરશો." કિશોરમુક્તે પ્રાર્થના સ્વરૂપે પ્રત્યુત્તર આપતાં જણાવ્યું કે, "અમે આપના દીકરા છીએ, તમે અમારાં માવતર છો. દીકરા કોના માટે કમાય છે ? માવતર માટે. અમે ઠાકોરજીની અને આપની સેવા નહિ કરીએ તો કોની કરીશું ?" છતાંય ગુરુજીએ આગ્રહપૂર્વક કહ્યું, "ના... ના... તમારે આ સેવા કરવાની નથી. પહેલાં ઘરે તકલીફ હોય, માતાપિતાને તકલીફ હોય, જરૂર હોય તો તેમને પહોંચાડો અને જરૂર ન હોય તો સેવિંગ કરો. બાકી અત્યારે આ સેવા કરવાની નથી."

વ્હાલા ગુરુજી આ કિશોરમુક્તની પરિસ્થિતિ સંપૂર્ણપણે જાણતા હતા. તેઓ બે-અઢી વર્ષથી જ ઇન્ડિયાથી લંડન આવ્યા હતા. અને હજુ લંડનમાં પણ પૂરા સેટલ થયા ન હતા. વળી, તેમની ને તેમના માતાપિતાની આર્થિક પરિસ્થિતિ સારી ન હતી. અને વળી દેવું પણ હોવાથી વ્હાલા ગુરુજીએ તે મુક્તરાજને આ સેવા કરવાની આગ્રહપૂર્વક ના પાડી. કરુણાહૃદયી ગુરુજીની આજ્ઞા સમક્ષ આ કિશોરમુક્ત એક હરફ પણ ન બોલી શક્યા અને માત્ર ચરણ સ્પર્શીને વંદી રહ્યા.

આ પ્રસંગ સાંભળતાં જ મન ઊંડા વિચારોમાં ખોવાઈ જાય. એ કિશોરમુક્ત પોતાના મનથી આ હાર અર્પણ કરી રહ્યા હતા. તેમને ક્યાં કોઈએ પ્રેરણા કરી હતી ? એ તો સ્વઇચ્છાથી જ આ સેવા કરી રહ્યા હતા. અને વળી દાન સંસ્થામાં જ આવી રહ્યું હતું ને ! ગુરુજીના સ્થાને જો અન્ય કોઈ હોય તો કદાચ આવી ટકોર ન પણ કરે એવું બની શકે. પણ ગુરુજીને મન દાનની લાલસા કરતાં હરિભક્તની તકલીફ વધુ મહત્ત્વની હતી તેવું જણાયું.

આ પ્રસંગ બન્યાને થોડા દિન બાદ પૂ. સંતો દ્વારા ગુરુજીના માતૃવાત્સલ્યની વાત નીકળી ત્યાં તો ગુરુજીએ નિજ વિશાળતાનું દર્શન કરાવતાં કહ્યું, "અમે તમારી સેવાના ભૂખ્યા નથી. પહેલાં ઘરની ચિંતા, માતાપિતાની ચિંતા રાખવી. તમને તકલીફ હોય, માંડ માંડ ઘરે પહોંચી વળાતું હોય અને અમે અમારું તરભાણું ભરી લઈએ એ અમને ન શોભે. અમે તમારાં માવતર છીએ. તમારી તકલીફ એ અમારી છે. તમારો પ્રેમ છે એ પ્રેમમાં આ સેવા આવી ગઈ." આ પ્રસંગના ઉલ્લેખ દરમ્યાન પણ વ્હાલા ગુરુજીએ તે કિશોરને ફરીથી આ સેવા કરવાની ના પાડી ત્યારે સાચા અર્થમાં માવતર બની રહ્યાની લાગણી અનુભવાઈ.

એસ.એમ.વી.એસ. સંસ્થાના તમામ હરિભક્તો માટે તેમના જીવનમાં ગુરુદેવ અને ગુરુજીનું આગવું સ્થાન છે. તેનું કારણ તે તમામ હરિભક્તોના અવરભાવના વ્યવહારોમાં પણ એ દિવ્યપુરુષોએ રસ દાખવી સાચા માર્ગદર્શક બનીને સાંત્વના આપી છે. કોઈ હરિભક્ત મૂંઝવણમાં હોય અને પ્રાર્થનાપત્ર આવ્યો હોય, તો તેનો જવાબ મોકલી આ બંને દિવ્યપુરુષો હરિભક્તની પડખે રહ્યા છે. હજારો પરિવારોના કૌટુંબિક પ્રશ્નોના સમાધાન કરાવી હરિભક્તોના મધ્યસ્થી બન્યા છે. હૉસ્પિટલમાં દાખલ કર્યા હોય અને સગાંવ્હાલાં કામમાં ન આવ્યા હોય તે પહેલાં તો વ્હાલા ગુરુજી તરત રસ દાખવી આવેલ વિપદાને દૂર કરવામાં મોખરે રહ્યા છે. દર મહિને વ્હાલા ગુરુજી હૉસ્પિટલમાં ઓછામાં ઓછું ત્રણથી ચાર વખત પધારી હરિભક્તોના સુખ-દુઃખના સાથી બની ધીરજ આપનારા બન્યા છે. પરભાવનું સુખ તો આપ્યું જ પણ અવરભાવની ચિંતા ઓછી કરવામાંય આ બંને દિવ્યપુરુષોએ કદી કોઈ કસર રાખી નથી. સાચા અર્થમાં અવરભાવની અને પરભાવની ચિંતા કરનારા ખરા માવતરની જવાબદારી નિભાવી છે.

ગુરુદેવ પ.પૂ. બાપજીએ અને વ્હાલા ગુરુજીએ લોહીનાં પાણી કરી નાખ્યાં છે ત્યારે આવો સિંહ સમો સામો ધાયેલો સમાજ તૈયાર થયો છે. એક આ લોકના સગાંસંબંધીને પણ જરૂર પડ્યે વ્યવહારમાં મદદરૂપ થતા હોઈએ છીએ તો જેને લઈને, જેના પ્રતાપે સુખી થયા હોઈએ તેમના માટે શું ન થાય ? બધું જ થાય. હે મહારાજ, આજે હું જે કાંઈ છું કે મારો અવરભાવનો જે ઊજળો વ્યવહાર છે તે આપની અને આપના દિવ્યપુરુષોની દયાથી છે. હે ગુરુવર, આપના અમ પર અનંત ઉપકારો છે. એને અમે ક્યારેય ભૂલી ન જઈએ તેવી દયા કરજો. આપ તો અમારા પ્રાણ છો ગુરુજી. આપ તો અમારું જીવન છો. ક્યારેય આપનું ગૌણપણું ન થાય એવી દયા કરજો. સમય આવ્યે કોઈકના કહેવાથી કે બે ઢીલા શબ્દો સાંભળવાથી જો મારું મન વિચલિત થઈ જાય તો મને પાછો વાળજો.

ગુરુજી, આપે કરેલા ઉપકારો સામે અમારા રાઈ રાઈ જેટલા ટુકડા કરી નાખીએ તોય ઓછા છે. ક્યારેય આપના તરફ આંખ ઊંચી ન થાય અને આપનો અભાવ ઘાલનારા સામે નીડર બનીને તેને મહાત્મ્યભીના કરી શકું એવી બુદ્ધિ, આવડત ને શક્તિ આપજો. અમારા જેવા તો આપને હજારો હરિભક્તો છે પણ મારે મન તો આપ એક જ છો. ક્યારેય આપનાથી મન છેટું ન થાય એવું બળ આપજો. આપે આપની તમામ ફરજો અદા કરી છે. આપ ખરા અર્થમાં માવતર બની આપની એક પણ ફરજ ચૂક્યા નથી. અમે આપની સાથે મા-દીકરા જેવું હેત કરીએ અને અમારી ફરજ ચૂકી ન જઈએ તેવું બળ આપજો.

"ઋણી રહીશ સદાય આપનો, હાથ ઝાલી રાખજો;
વંટોળ જો આવે કંઈક નવા, આપના કરીને રાખજો."



પાળે, પોષે અને પ્રેમ આપે તે 'મા'.



## SMVS મહિલા વિંગની યશસ્વી વણથંભી રજત વિકાસ ગાથા...

CELEBRATING 25th

2001 - 2026

SMVS

મહિલા વિંગ રજતગાથા






૧૮મી સદીમાં ભારતમાં સ્ત્રી સમાજ માટે અનેક કુરિવાજો તથા અંધશ્રદ્ધા પ્રવર્તતાં હતાં. જેમ કે, સતીપ્રથા, દીકરીને દૂધપીતી કરવી, દહેજપ્રથા અને કન્યા વિક્રય વગેરે જેવા કુરિવાજોનો અંત આણવા તથા અનંત જીવોનાં આત્યંતિક કલ્યાણ કરવા માટે ૧૮મી સદીમાં સહજાનંદરૂપી સૂર્ય ઉદય થયો. અનંત જીવોને માયાના બંધનથી છોડાવી તેના ચૈતન્યની આધ્યાત્મિક ઉત્ક્રાંતિ કરવા પધારેલા આ પરભાવી સ્વરૂપે નારી સમાજની ગરિમા સ્થાપવા, નારી ઉત્કર્ષ માટે સામાજિક કુરિવાજો પર પ્રતિબંધ મૂક્યા. સામૂહિક જાગૃતિ આણી સ્ત્રીઓને સમાજમાં આગવું સ્થાન પ્રદાન કર્યું.

ભગવાન સ્વામિનારાયણે સામાજિક ઉત્કર્ષની સાથે સાથે પૂ. સંતોની જેમ નારી સમાજના આધ્યાત્મિક ઉત્કર્ષની જે અદ્વિતીય ક્રાંતિ સર્જી તે જ તેઓના સર્વોપરીપણાની પ્રતીતિ કરાવે છે. સ્ત્રીઓ સાંસારિક સુખને ઠોકર મારી આજીવન બ્રહ્મચર્ય પાળી પ્રભુભક્તિ કરી ત્યાગ-વૈરાગ્યના માર્ગે ચાલી શકે તે માટે સાંખ્ય માર્ગ ચીંધ્યો. આ સાંખ્યના માર્ગે ચાલેલા અનેક નારી મુક્તાત્માઓના જોગ-સમાગમે કેટલાંય સંસારી નારી ભક્તો આત્યંતિક કલ્યાણના માર્ગે આગળ વધ્યાં.

શ્રીજીમહારાજનો આ બ્રહ્માંડમાં પ્રગટ થવાનો મુખ્ય હેતુ અનંત મુમુક્ષુઓને પોતાની સર્વોપરી ઉપાસના દૃઢ કરાવી, અનાદિમુક્તની સ્થિતિ પમાડવાનો હતો. આ હેતુને પૂર્ણ કરવા ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ **SMVS** સંસ્થાની સ્થાપના કરી. આ હેતુને પૂરક થતું એક આધ્યાત્મિક સોપાન એટલે '**SMVS** મહિલા વિંગ.'

શ્રીજી સ્થાપિત આ પરંપરાને યથાવત્ જીવંત રાખવા ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ આજના આધુનિક તથા ભૌતિક ભોગવિલાસના યુગમાં નારીના સાંખ્ય માર્ગના ધોરણોને નવો આયામ પ્રદાન કર્યો. અને તા. ૨૨ ફેબ્રુઆરી, ૨૦૦૧ના રોજ વાસણા, અમદાવાદ ખાતે **SMVS** સંસ્થા દ્વારા મહિલા વર્ગમાં સત્સંગની વૃદ્ધિ થાય તે માટે પૂ. ત્યાગી મહિલામુક્તોની પ્રથાનો પ્રારંભ થયો. જેના દ્વારા આજે મહિલાઓ પણ સંસારથી વિરક્ત થઈ શ્રીજી અર્થે જીવન જીવી રહ્યાં છે.

શ્રીજીમહારાજ પ્રબોધિત ધર્મ-મર્યાદાના પ્રબંધની રૂએ સંસ્થાના મહિલા વિભાગને અલગ સ્થાન અપાયું છે. તેમ છતાં સંસ્થાનાં તમામ પૂ. સંતો તથા પૂ. ત્યાગી મહિલામુક્તો તેમજ પુરુષ-મહિલા હરિભક્તોના આદ્ય ગુરુ તરીકે ગુરુદેવ પ.પૂ. બાપજી અને વર્તમાન ગુરુ તરીકે ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી જ બિરાજે છે.

મહારાજ અને મોટાપુરુષના સંકલ્પે આ સમગ્ર મહિલા પ્રવૃત્તિનું સંચાલન વરિષ્ઠ ત્યાગી મહિલામુક્ત પૂ. જાગુબેન સંભાળી રહ્યાં છે. તેઓ ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના સંકલ્પાનુસાર ૧૦૦ પૂ. ત્યાગી મહિલામુક્તોને સાધુતાના પાઠ શીખવી રહ્યાં છે. તથા તેઓનું આધ્યાત્મિક ઘડતર કરી મહારાજ અને મોટાપુરુષના રાજીપાના પાત્ર બનાવી રહ્યાં છે. પૂ. સંતોની જેમ વર્ષમાં બે વાર પૂ. ત્યાગી મહિલામુક્તોની શિબિર યોજાય છે. તેમાં પણ અધ્યાત્મ અને સાધુતાના પાઠ દૃઢ કરાવાય છે.

૮૧ જેટલા STK (સાધક તાલીમ કેન્દ્ર) તથા SSPના (સમર્પિત સેવક પ્રથાના) સર્વે મુક્તોનું શ્રેષ્ઠ ઘડતર પૂ. વરિષ્ઠ ત્યાગી મહિલામુક્તોના સાંનિધ્યમાં થઈ રહ્યું છે.

ઈ.સ. ૨૦૦૧માં આરંભાયેલ આ '**SMVS** મહિલા વિંગ'ને ઈ.સ. ૨૦૨૬માં ૨૫ વર્ષ પૂર્ણ થયે તેના રજત વર્ષે તેઓની વિશેષતા તથા વર્તમાન પ્રવૃત્તિની અલ્પ ઝાંખી કરીએ.

### પૂ. સંતોના જેવી અણીશુદ્ધ સાધુતા

**SMVS**ના પૂ. ત્યાગી મહિલામુક્તોની અવિચળ

સત્યનિષ્ઠાનો એક ખ્યાલ એટલે જ તેમની પંચવર્તમાનની અવિચળ સાધના. **SMVS**નાં પૂ. ત્યાગી મહિલામુક્તો પૂ. સંતોના પંચવર્તમાનની જેમ જ યથાર્થ રીતે નિયમ પાળી શ્રીહરિનો રાજીપો કમાઈ રહ્યાં છે.

નિષ્કામી વર્તમાન પાળવા માટે પૂ. ત્યાગી મહિલામુક્તો પુરુષ વર્ગ સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ કોઈ પ્રકારનો સંબંધ કે વ્યવહાર રાખતાં નથી. પુરુષ સાથે ફોન પર વાત પણ કરતાં નથી. નિવાસસ્થાનથી એકલા જોડ વિના બહાર જતાં નથી. વિમાનની મુસાફરી દરમ્યાન પણ અન્નજળ લેતાં નથી. કમ્પ્યૂટર, ટૅબ્લેટ, આઈપેડ તથા ઇન્ટરનેટ જેવા આધુનિક ઉપકરણોનો હરિભક્તો દ્વારા ઉપયોગ કરાવે છે. પૂ. ત્યાગી મહિલામુક્તો સ્માર્ટ ફોનનો ત્યાગ રાખી સાદો કી-પેડ ફોન વાપરે છે. સંસ્થાના પ્રોગ્રામમાં મહિલા-પુરુષોના સભામંડપ જુદા હોય છે.

નિર્લોભી વર્તમાન દૃઢપણે પાળવા દ્રવ્યનો મળની પેઠે ત્યાગ રાખે છે. દ્રવ્યને પોતાનું કરીને રાખતાં કે રખાવતાં નથી કે અડતાં પણ નથી. પૂ. ત્યાગી મહિલામુક્તો પોતાના નામનું આગવું ખાનું કે બૅંકનું ખાતું રાખતાં નથી. વસ્ત્રો પણ શ્વેત સુતરાઉ કાપડનાં જ પહેરે છે.

નિર્માની વર્તમાન દૃઢપણે પાળવા પૂ. ત્યાગી મહિલામુક્તોની ઓળખ આ લોકના લૌકિક ભણતર, ડિગ્રીએ કરીને થતી નથી. સૌ રાજી કરવાના ઈશકથી નિર્માનીપણે સેવા બજાવી એકમાત્ર શ્રીજીમહારાજને કર્તા કરી માન-સન્માનનો બધો યશ શ્રીજીચરણે ધરે છે.

નિઃસ્નેહી વર્તમાન દૃઢપણે પાળવા પૂ. સંતોની જેમ જ પૂ. ત્યાગી મહિલામુક્તો પણ ક્યારેય પોતાના પૂર્વાશ્રમની ઓળખાણ આપતાં નથી. પૂર્વાશ્રમનાં સગાંસંબંધી સાથે કોઈ જ પ્રકારનો વ્યવહાર રાખતાં નથી.

નિઃસ્વાદી વર્તમાન દૃઢપણે પાળવા ઠાકોરજી જમાડવા કાષ્ઠના પત્તરનો અને જળ ધરાવવા કાષ્ઠના પાત્રનો જ ઉપયોગ કરે છે. પૂ. ત્યાગી મહિલામુક્તો સ્વયંપાકી છે. કોઈના હાથનું બનાવેલું જમતાં નથી. તેમજ તમામ પૂ. ત્યાગી મહિલામુક્તો એક રસોડે ભેળાં મળી સમૂહજીવનમાં આત્મીયતાથી રહી ભગવત્પરાયણ જીવન જીવે છે.

### SMVS મહિલા વિભાગની સત્સંગ પ્રવૃત્તિઓ

સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા **(SMVS)**ની સ્થાપના થઈ ત્યારથી સંસ્થાની અને સમાજની આધ્યાત્મિક વિવિધ પ્રવૃત્તિઓમાં મહિલા વિભાગનું યોગદાન ખૂબ પ્રશંસનીય રહ્યું છે. આવો, તેની અલ્પ ઝાંખી કરીએ.

#### ૧. દેશ-વિદેશમાં સત્સંગ વિચરણ દ્વારા કારણ સત્સંગનો પ્રચાર

‘કારણ સત્સંગ વિશ્વવ્યાપી થશે, થશે ને થશે જ.’ વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજીના આ ભવ્ય ને પ્રચંડ સંકલ્પને સાકાર કરવા જ ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની આજ્ઞાથી મહિલા વિભાગના આયોજન મુજબ પૂ. ત્યાગી મહિલામુક્તો દેશ-વિદેશમાં સત્સંગ વિચરણ કરી રહ્યાં છે. જેનાથી દેશ-વિદેશનાં મહિલા, યુવતી, કિશોરી અને બાલિકામુક્તો અધ્યાત્મ માર્ગે આગળ વધી રહ્યાં છે. ભારતનાં ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન તથા મધ્યપ્રદેશ આદિક રાજ્યો ઉપરાંત પૂ. ત્યાગી મહિલામુક્તો યુ.એસ.એ., કૅનેડા, યુ.કે., ઑસ્ટ્રેલિયા, ન્યૂઝીલૅન્ડ, યુ.એ.ઈ. આદિ દેશોમાં સત્સંગ વિચરણ કરી સૌને સત્સંગના માર્ગે આગળ વધારી રહ્યાં છે.

#### ૨. સત્સંગ સભાઓ દ્વારા આધ્યાત્મિક પુષ્ટિ

દેશની, સમાજની અને સત્સંગની આવતી કાલ એટલે આજની બાળપેઢી. આ બાળપેઢીનાં જીવન સંસ્કારોથી મઘમઘતાં બનાવવાની જવાબદારી મુખ્યત્વે માતા વાલીની છે. માતાના જીવનમાં ભક્તિ, શ્રદ્ધા, વિનય, વિવેક, સેવાભાવ, માતાપિતા પ્રત્યે આદર જેવા ગુણો દૃઢ હશે તો તેમની આગામી પેઢીમાં તેનો વારસો આપી શકશે.

પૂ. ત્યાગી મહિલામુક્તો આવા ઉચ્ચ સદ્‌ગુણો દૃઢ કરાવવા મહિલા સમાજના ઘડતરની અમૂલ્ય સેવા બજાવી રહ્યાં છે.

પૂ. ત્યાગી મહિલામુક્તોના માર્ગદર્શન હેઠળ આજે દેશ-વિદેશમાં ઘણાં બાલિકા મંડળ, કિશોરી મંડળ અને યુવતી મંડળો કાર્યરત છે.

વિશેષતઃ **SMVS**નો સમાજ વધુ ગુણવત્તાયુક્ત બને તે માટે ગુરુજીના સંકલ્પે સંસ્થા દ્વારા આદર્શ પ્રૉજેક્ટનું આયોજન થયેલ છે. ગુરુજીના આ પરભાવી સંકલ્પોને પુષ્ટિ મળે તે માટે યુવતી, મહિલા, વડીલ મુક્તોને AYP, પ્રિ-મુમુક્ષુ કૅમ્પમાં નાના ગ્રૂપમાં પૂ. ત્યાગી મહિલામુક્તો ગ્રૂપગોષ્ઠિનો લાભ આપી ગુરુજીએ ચીંધેલ અધ્યાત્મનો રાહ સુદૃઢ કરાવે છે.

આ અન્વયે ABS કહેતાં આદર્શ બાલિકા સભા અને SBS કહેતાં સંકલ્પ બાલિકા સભામાં પૂ. ત્યાગી મહિલામુક્તોના સીધા માર્ગદર્શન હેઠળ આદર્શ બાલિકાઓ તૈયાર થઈ રહી છે. એ જ





રીતે AKS કહેતાં આદર્શ કિશોરી સભા અને SKS કહેતાં સંકલ્પ કિશોરી સભા દ્વારા આજના ક્લુષિત વાતાવરણથી કિશોરીમુક્તોને બચાવી આદર્શ કિશોરીઓ તૈયાર કરી રહ્યાં છે.

| દેશ-વિદેશમાં કાર્યરત દિગ્વિજય મંડળોની સંખ્યાનો આંકડો (૨૦૨૫-૨૬) | |
|---|---|
| મંડળનો પ્રકાર | કુલ આંકડો |
| યુવતી મંડળ, સંયુક્ત મંડળ, એરિયા સભા | ૧૫૦થી વધુ |
| કિશોરી મંડળ | ૩૩ |
| બાલિકા મંડળ | ૨૬૦ |
| AKS | ૧૬ |
| ABS | ૪૦ |

| દેશ-વિદેશમાં ગુણવત્તા પ્રૉજેક્ટમાં જોડાયેલ સભ્યોનો આંકડો (૨૦૨૫-૨૬) | |
|---|---|
| પ્રૉજેક્ટનું નામ | કુલ આંકડો |
| પ્રિ-મુમુક્ષુ | ૪૩૦ |
| AYP | ૧૪૭૧ |
| DSS | ૩૦૨૫ |
| SKS | ૧૪૫ |
| SBS | ૨૪૨ |

પૂ. ત્યાગી મહિલામુક્તો મહિલા સમાજને બળિયો રાખવા સતત સત્સંગની પ્રવૃત્તિઓ કરતાં હોય છે. જેવી કે, સત્સંગ પારાયણો, સત્સંગ શિબિરો, કાર્યકર ડે, દાબડા ઉજાણી, અંગત સભાઓ, મહિમાગોષ્ઠિ, ગ્રૂપગોષ્ઠિ, અંગત બેઠક, પધરામણી, ભક્તિયાત્રા, દિવ્ય શાંતિયજ્ઞ જેવા અનેકવિધ માધ્યમોથી મહિલા સમાજને સત્સંગનાં મૂલ્યો દૃઢ કરાવે છે.

### ૩. કાર્યાલયની સેવાઓ દ્વારા મોટાપુરુષના સંકલ્પોની પુષ્ટિ

વ્હાલા ગુરુજીના આધ્યાત્મિક અને વ્યવહારિક સંકલ્પોની પુષ્ટિ માટે વિવિધ કાર્યાલયો મહિલા વિભાગમાં ચાલી રહ્યાં છે. જેમાં પૂ. ત્યાગી મહિલામુક્તો સાથે સમર્પિત મુક્તો તથા મહિલા હરિભક્ત સમાજ પણ કાર્યરત છે. જેના દ્વારા મહારાજ અને મોટાપુરુષના સંકલ્પો સમાજવ્યાપી સાકાર થઈ રહ્યા છે.

### SMVS મહિલા વિભાગની સામાજિક પ્રવૃત્તિઓ

સંસ્થાની અને સમાજની વિવિધ સામાજિક પ્રવૃત્તિઓમાં પણ **SMVS** મહિલા વિભાગ દ્વારા સેવાઓ કાર્યરત છે.

સંસ્થામાં જ્યારથી મહિલા વિભાગ કાર્યરત થયો ત્યારથી વ્હાલા ગુરુજીના સંકલ્પે પૂ. ત્યાગી મહિલામુક્તોના સીધા માર્ગદર્શન હેઠળ નાની-મોટી સામાજિક સેવાઓ તો અવિરતપણે ચાલતી રહે છે. તેમ છતાં મહિલા હરિભક્તો દ્વારા જે મહત્ત્વનાં સમાજસેવાનાં કાર્યો થયાં છે તેની યાદી નીચે મુજબ છે.

**૧. ઈ.સ. ૧૯૯૩ :** પંચમહાલ વિસ્તારમાં દારૂ, માંસાદિક











વ્યસનથી સબડતા જીવોને વ્યસનમુક્તિ અને અહિંસાનો ઉપદેશ.

**૨. ઈ.સ. ૧૯૯૪ :** અમદાવાદની વિવિધ હૉસ્પિટલોમાં મહિલા સ્વયંસેવકો દ્વારા 'સેવા સ્વચ્છતા અભિયાન.'

**૩. ઈ.સ. ૨૦૦૦ :** ઈ.સ. ૨૦૦૧માં ઊજવાયેલ 'સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ' અન્વયે આઠ-દિવસીય 'બાલિકા પ્રાર્થના સપ્તાહ' દ્વારા દર્દીઓ માટે નિઃસ્વાર્થ પ્રાર્થના અભિયાન.

**૪. ઈ.સ. ૨૦૦૧ :** ભૂકંપગ્રસ્ત લોકોને મહિલા સ્વયંસેવકો દ્વારા ફૂડ પૅકેટ તથા જરૂરી વસ્તુઓનું વિતરણ.

**૫. ઈ.સ. ૨૦૦૮થી દર વર્ષે :** દર વર્ષે શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં 'મંથન અપંગ કન્યા સેવા સંકુલ'ની વિકલાંગ બાળાઓને નોટબુક-ચોપડાનું નિઃશુલ્ક વિતરણ.

**૬. ઈ.સ. ૨૦૧૧ :** '**SMVS** ગર્લ્સ ગુરુકુલ' દ્વારા વિદ્યાર્થિનીઓમાં શિક્ષણની સાથે સંસ્કાર અને સત્સંગનું સિંચન થાય તે માટે પ્રારંભાયેલ **SMVS** ગર્લ્સ ગુરુકુલમાં પૂ. ત્યાગી મહિલામુક્તો અને ગૃહમાતાનું પ્રશંસનીય યોગદાન. (ઈ.સ. ૨૦૧૯ બાદ ગુરુદેવ અને ગુરુજી સંકલ્પે **SMVS** ગર્લ્સ ગુરુકુલ તથા ગર્લ્સ છાત્રાલયમાં સંપૂર્ણ નિઃશુલ્ક સેવા પ્રદાન થઈ રહી છે.)

**૭. ઈ.સ. ૨૦૧૨ :** **SMVS** રજત જયંતી ઉત્સવ ઉપક્રમે 'ભવ્ય ફળોત્સવ' અન્વયે મહિલા સ્વયંસેવકો દ્વારા ૫૦૧૦ જેટલા દર્દીઓને ફળ વિતરણ.

### SMVS મહિલા હરિભક્ત સમાજની સેવા-સમર્પણ ગાથા

**SMVS**ના પ્રારંભકાળથી મહિલા હરિભક્તોની સેવા-સમર્પણગાથા અનેરી રહી છે. ચાહે પછી તે દીકરા-દીકરીનું સમર્પણ હોય કે તનનું સમર્પણ હોય. '**SMVS** મારી છે' એવા મમત્વભાવે ઘરધણી થઈ **SMVS**ની ઘણી સેવાઓ મહિલા સમાજે ઉપાડી લીધી છે. અઠવાડિક સભાઓ, સમૈયા-ઉત્સવો કે મહોત્સવોમાં રસોડાની, કોઠારની વગેરે સેવાઓ ખૂબ ઉત્સાહપૂર્વક કરી રહ્યાં છે. મંદિર પરિસરની સ્વચ્છતા હોય કે વાસણ સ્વચ્છતા હોય; મહિલા સ્વયંસેવકોની સેવા સતત કાર્યરત જ હોય. કમ્પ્યૂટરથી માંડી સ્વચ્છતા સુધીની તમામ સેવામાં મહિલા સ્વયંસેવકોની સેવા ખૂબ પ્રશંસનીય છે.

વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજી અને વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી થકી કથાવાર્તા દ્વારા અધ્યાત્મના અમૃત ઘૂંટ પીને **SMVS** સમાજમાં અપૂર્વ સમર્પણભાવના પ્રગટી છે. પરિણામે **SMVS** સંસ્થામાં આજે પૂ. સંતો, પૂ. ત્યાગી મહિલામુક્તો, STK તથા SSPના મુક્તોના સમર્પણનું શ્રેય **SMVS**ના પિતા વાલીની સાથે સાથે વિરલ માતાઓને પણ જાય છે. કેટલાંક મહિલા હરિભક્તો **SMVS**ની સેવાઓનો વિશેષ લહાવો લેવા દેશ-વિદેશમાં આજીવન સેવક તરીકે સેવા આપી રહ્યાં છે.

મહારાજ અને મોટાપુરુષને એકમાત્ર રાજી કરવાના ઈશકથી









મંડ્યા રહેલા સમગ્ર મહિલા સમાજને ખૂબ ખૂબ ધન્યવાદ !!

**રાજીપા વચનો ગુરુજી તણાં**

વ્હાલા ગુરુજીએ અવારનવાર મહિલા સમાજ પર જે રાજીપા વચનોની આશિષવર્ષા વરસાવી છે તેનું આચમન કરીએ.

● "પ્રેમીજનને વશ પાતળિયો, શ્યામસુંદર સુખકારી રે." મોટેભાગે મહિલા સમાજ ખૂબ પ્રેમી, વિશ્વાસી અને મહાત્મ્યના અંગવાળો હોય છે. તેમનામાં પ્રેમલક્ષણા ભક્તિ વિશેષ હોય છે. મહારાજને પ્રાર્થના કરીએ : હે મહારાજ ! એમની પતિવ્રતા ભક્તિ, પ્રેમલક્ષણા ભક્તિનો સ્વીકાર કરજો. બધા પર ખૂબ ખૂબ રાજી થજો. આ વિંગ દ્વારા પણ આપના સંકલ્પ સમો દિવ્ય સમાજ તૈયાર થાય એવી મહાપ્રભુના ચરણોમાં પ્રાર્થના છે."

● "હે મહારાજ, હે બાપા, હે ગુરુદેવ, આ સર્વે મુક્તો ઉપર ખૂબ રાજી થજો અને કારણ સત્સંગ વિશ્વવ્યાપી કરવાના સંકલ્પને સાકાર કરવામાં આ વર્ગનો પણ એટલો જ રોલ છે. **SMVS**ના વિકાસમાં જેટલો સંતો-હરિભક્તોનો ભોગ છે એટલો જ ભોગ આ મહિલા વિંગનો પણ છે."

મહારાજ અને મોટાપુરુષના સંકલ્પે પ્રારંભિત થયેલ આ '**SMVS** મહિલા વિંગ' દિન-પ્રતિદિન કારણ સત્સંગ વિશ્વવ્યાપી કરવાના સંકલ્પમાં તથા મૂર્તિસુખના માર્ગે આગળ વધી દિવ્યજીવન જીવતા મહિલા પાત્રોની ભેટ શ્રીહરિના ચરણોમાં સમર્પિત કરવામાં વિશેષ પ્રયત્નશીલ રહે એવી મહારાજ અને મોટાના દિવ્ય ચરણોમાં પ્રાર્થના સહ **SMVS** મહિલા વિંગની ટાઇમ લાઇનની ફોટોગ્રાફ સાથે અલ્પ ઝાંખી કરી ધન્યભાગી બનીએ.











# SMVS મહિલા વિભાગ ટાઇમ લાઇન

**ઈ.સ. ૧૯૯૮**
સૌપ્રથમ મહિલા વિદેશ વિચરણ (કુવૈત)

**ઈ.સ. ૨૦૦૧**
**SMVS**
મહિલા વિંગનો પ્રારંભ
વાસણા, ભક્તિનિવાસ

**ઈ.સ. ૨૦૦૨**
સૌપ્રથમ હરિકૃષ્ણ મહારાજની પૂ. ત્યાગી મહિલામુક્તોને અર્પણ વિધિ તથા હરિકૃષ્ણ મહારાજનો પંચતુલા ઉત્સવ

**ઈ.સ. ૨૦૦૩**
સેક્ટર-૬, ગાંધીનગર ખાતે 'ભક્તિનિવાસ' એકમનું સ્થળાંતર

**ઈ.સ. ૨૦૦૮**
સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર ખાતે 'ભક્તિનિવાસ' સંકુલનું ઉદ્ઘાટન

**ઈ.સ. ૨૦૧૧**
સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર ખાતે
**SMVS**
ગર્લ્સ ગુરુકુલનો પ્રારંભ

**ઈ.સ. ૨૦૧૨**
'પધારો મહારાજ' પ્રૉજેક્ટ ઝુંબેશ

**ઈ.સ. ૨૦૧૩**
સાધક તાલીમ કેન્દ્ર-
STK પ્રારંભ

**ઈ.સ. ૨૦૧૭** — ગર્લ્સ છાત્રાલય પ્રારંભ

**ઈ.સ. ૨૦૨૨** — સમર્પિત સેવક પ્રથા (SSP) પ્રારંભ

**ઈ.સ. ૨૦૨૩** — સાધના કેન્દ્રનો પ્રારંભ












# સ્કિનના દરેક પ્રૉબ્લેમનું વન સ્ટૉપ સૉલ્યુશન

**SMVS સ્વામિનારાયણ હૉસ્પિટલ**

**ડૉ. મિત પટેલ**
(ડર્મેટોલૉજિસ્ટ)
ફુલ ટાઇમ ઉપલબ્ધ

**ઓ.પી.ડી. નો સમય :**
**સવારે 10 થી સાંજે 5**

અત્યાધુનિક લેસર હેર રિમૂવલ દ્વારા અણગમતા વાળ છુટકારો મેળવો, **50% ડિસ્કાઉન્ટ સાથે...**

## ડર્મેટૉલૉજી વિભાગના પૅકેજ

| | |
|---|---|
| Full Face Laser Hair Removal | ફક્ત ₹1999/-માં |
| Under Arm Hair Removal | ફક્ત ₹1299/-માં |
| Upper Lips Laser Hair Removal | ફક્ત ₹999/-માં |
| Hollywood Carbon Peel | ફક્ત ₹2499/-માં |

## ડર્મેટોલૉજી વિભાગમાં ઉપલબ્ધ સુવિધાઓ

- અણગમતા વાળ માટે લેસર હેર રિમૂવલ દ્વારા સારવાર
- ખીલ અને ખીલના દાગ
- પિગ્મેન્ટેશન અને ટેનિંગ
- ફંગલ ઇન્ફેક્શન અને એલર્જીની સારવાર
- ઑઇલી સ્કિન, ઓપન પોર્સ અને ડલ સ્કિન
- ખરતા વાળ અને ટાલ માટે PRP હેર થેરાપી
- સ્કિન ગ્લો અને રિજૂવિનેશન માટે અદ્યતન લેસર ટ્રીટમૅન્ટ

SMVS SWAMINARAYAN HOSPITAL

Emergency Help Line : 73 73 73 39 04 / 05 | www.smvshospital.com

**SMVS સ્વામિનારાયણ હૉસ્પિટલ**
SMVS સ્વામિનારાયણ હૉસ્પિટલ રોડ, સ્વામિનારાયણ ધામની બાજુમાં, કોબા-ગાંધીનગર હાઇવે, ગાંધીનગર - 382 007

**વધુ માહિતી માટે કૉલ કરો : 63 59 77 07 25**

info@smvshospital.com

Follow us :

કારણ સત્સંગ વિશ્વવ્યાપી પ્રવર્તન કાજે

# વ્હાલા ગુરુજીનું સત્સંગ વિચરણ



**તા. ૧૩-૪-૨૬**ના રોજ વ્હાલા **ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી**એ પ્રાતઃ સમયે **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે સંકલ્પ સભામાં ૩૪,૫૩૮થી વધુ મોક્ષપિપાસુ હરિભક્તોને પ્રત્યક્ષ તથા ઑનલાઈન લાભ આપી સુખિયા કર્યા હતા.

**તા. ૧૮, ૧૯-૪-૨૬** દરમ્યાન **વ્હાલા ગુરુજી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે દિવ્ય સાંનિધ્ય શિબિરમાં યુવક મુક્તોને માતૃવાત્સલય સ્નેહથી ભીના કર્યા હતા.

**તા. ૧૯-૪-૨૬** રોજ **વ્હાલા ગુરુજી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે રસોઈનો લાભ આપી પ્રેમીભક્તના કોડ પૂરા કર્યા હતા.

તા. **૨૩-૪-૨૬**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **કડી** ખાતે પ્રાતઃ અંગત સભામાં ૪૦૦થી વધુ હરિભક્તોને લાભ આપી સંકલ્પ સરિતા વહેવડાવી હતી. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **કડી** ખાતે બપોરે સ્મૃતિ સેશનમાં લાભ આપી અમૂલ્ય સંભારણાં આપ્યાં હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **કડી** ખાતે પોતાના અવરભાવની પરવા કર્યા વગર ઉનાળાની ગરમીમાં બપોરે ૫ પધરામણીનો લાભ આપી પ્રેમીભક્તોના કોડ પૂરા કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **મહેસાણા** ખાતે સાંજે ૫ પધરામણીનો લાભ આપી વ્હાલસોયા ભક્તોનાં ઘર પાવન કર્યાં હતાં. વળી, આજરોજ **વ્હાલા ગુરુજી**એ **મહેસાણા** ખાતે સાંજે

ફોટો સેશનમાં લાભ આપી સૌ મુક્તોને અમૂલ્ય સંભારણાં આપ્યાં હતાં. તેમજ રાત્રે અંગત સભામાં બળ આપી અસ્મિતાસભર કર્યા હતા.

**તા. ૨૪-૪-૨૬**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **મણિયારી (મહેસાણા)** ખાતે સવારે ૬ પધરામણી તેમજ સત્સંગ સભાનો લાભ આપી સર્વે હરિભક્તોને બળ પ્રદાન કર્યું હતું વળી, સવારે **મેસરા-પંચાસર** ખાતે પધરામણી તેમજ સભાનો લાભ આપી પ્રેમીભક્તના મનોરથ પૂર્ણ કર્યા હતા.

**તા. ૨૫-૪-૨૬**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **SMVS સ્વામિનારાયણ હોસ્પિટલ** ખાતે શારીરિક રીતે અસ્વસ્થ હરિભક્તોને દર્શન દાન આપ્યા હતા. વળી, રાત્રે સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર ખાતે સમૈયામાં લાભ આપી સૌ હરિભક્તોને અધ્યાત્મ બળ પૂરું પાડ્યું હતું.

**તા. ૨૭-૪-૨૬** રોજ **વ્હાલા ગુરુજી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે સંકલ્પ સભામાં ૩૬,૬૪૯થી વધુ ભૂખ્યા અને ગરજુ મુક્તોને પ્રત્યક્ષ તથા ઑનલાઇન બળભર્યો લાભ આપી દિવ્ય સુખમાં ગરકાવ કર્યા હતા.

**તા. ૨૮-૪-૨૬** રોજ **વ્હાલા ગુરુજી**એ **બોરિયાવી** ખાતે સવારે અંગત સભામાં લાભ આપી ઘરધણી મુક્તોને અનેરુ બળ પૂરુ પાડ્યું હતું. ત્યારબાદ **શહેરા** ખાતે સવારે પધરામણીનો લાભ આપી પ્રેમીભક્તને રાજી કર્યા હતા. વળી, સવારે તાડવા, **સરાડિયા** તથા **નાડા** ખાતે સામૈયુ અને પધરામણીનો અનેરો લાભ આપી. શ્રીહરિના વ્હાલા એવા **પંચમહાલી** મુક્તોને રાજી કર્યા હતા. તેમજ સાંજે **બોરિયાવી** ખાતે લાભ આપ્યા બાદ સ્મૃતિ કલેક્શન દ્વારા ગુરુજીએ અમૂલ્ય સ્મૃતિ બક્ષી હતી. વળી, રાત્રે બોરિયાવી ખાતે સમૈયામાં દિવ્ય કથામૃતનો લાભ આપી ૨૨૦૦થી વધુ હરિભક્તોને શ્રીહરિના ગમતાપાત્ર થવાની દિશા આપી હતી.

**તા. ૨૯-૪-૨૬** રોજ **વ્હાલા ગુરુજી**એ **ગોધરા** ખાતે પ્રાતઃ સભામાં પોતાની અનુભવાત્મક દિવ્યવાણીનો લાભ આપી સર્વે મુમુક્ષુઓને મૂર્તિસુખનો માર્ગ ચીંધ્યો હતો. વળી, **ગોધરા** ખાતે પ્રાતઃ સભામાં પોતાના હૃદયસમા કિશોરમુક્તોને લાભ આપી કારણ સત્સંગનું ભવિષ્ય ઉજ્જવળ કર્યું હતું. તેમજ સાંજે **ગોધરા** ખાતે ૧૦ ભાવિક ભક્તોને ત્યાં પધરામણીનો લાભ આપી સુખિયા કર્યા હતા. એ જ રીતે રાત્રે **ગોધરા** ખાતે હેપી ફૅમિલિ સભામાં ૧૨૦૦થી વધુ હરિભક્તોને લાભ આપી સુખી પરિવાર બનાવવા અંગે માર્ગદર્શન આપ્યું હતું.

**તા. ૩૦-૪-૨૬** રોજ **વ્હાલા ગુરુજી**એ **ચાંદખેડા** ખાતે **કલોલ**ના બાળમુક્તોને બાળ શિબિરમાં લાભ આપી અપાર સ્નેહ આપ્યો હતો. વળી, આજરોજ સાંજે **સેટેલાઇટ, બોપલ** તથા **પાલડી** ખાતે પધરામણી તથા રસોઈનો લાભ આપી **વ્હાલા ગુરુજી**એ સો પર કૃપાવર્ષા વરસાવી હતી.

**તા. ૧-૫-૨૬** રોજ **વ્હાલા ગુરુજી**એ વાસણા ખાતે પૂનમના સમૈયામાં લાભ આપી ૩૭,૪૨૪થી વધુ મોક્ષપિપાસુ હરીભક્તોને પ્રત્યક્ષ તથા ઑનલાઇન લાભ આપીને દિવ્ય સુખમાં ગરકાવ કર્યા હતા.

**તા. ૧-૫-૨૬** રોજ **વ્હાલા ગુરુજી**એ **બોપલ** ખાતે સવારે ૧૨ પધરામણી તથા ૧ રસોઈનો લાભ આપી પ્રેમીભક્તોના કોડ પૂરા કર્યા હતા. વળી સાંજે **બાવળા** ખાતે ૮ પધરામણી તથા ૧ રસોઈનો લાભ આપ્યો હતો. તેમજ રાત્રે રાજીપા દર્શન કાર્યક્રમમાં **બાવળા**ના હરિભક્તોને આ દિવ્ય સત્પુરુષ **ગુરુજી**ના રાજીપાનો અણમોલ લાભ મળ્યો હતો. આજરોજ **બાવળા** ખાતે સ્મૃતિ કલેક્શન કાર્યક્રમમાં સૌ હરિભક્તોને **વ્હાલા ગુરુજી** સંગે અણમોલ સ્મૃતિ છબીનો લાભ મળ્યો હતો.

**તા. ૬-૫-૨૬** રોજ **ઘાટલોડિયા** ખાતે સવારે અંગત સભામાં **વ્હાલા ગુરુજી**એ ૧૨૦૦ જેટલા મુક્તોને દિવ્ય બળપ્રેરક લાભ આપી રાજીપાના પ્યાસી બનાવ્યા હતા. ત્યારબાદ **ગોતા** ખાતે ૯ પધરામણી તથા રસોઈનો લાભ આપી હરિભક્તોના ઘર પાવન કર્યા હતા.

**તા. ૭-૫-૨૬** રોજ **ઈસનપુર** ખાતે પ્રાતઃ સભામાં લાભ આપી સર્વે મોક્ષપિપાસુ હરિભક્તોને અનાદિમુક્તની સ્થિતિના માર્ગે આગળ વધવાની દિશા આપી હતી. ત્યારબાદ **વ્હાલા ગુરુજી**એ સર્વે હરિભક્તોને માતૃવાત્સલ્ય સ્નેહ આપવા ૭ ઘરે પધરામણીનો લાભ આપ્યો હતો. આજરોજ સાંજે **હાથીજણ** ખાતે **વ્હાલા ગુરુજી**એ ૮ પધરામણી તથા ૧ રસોઈનો લાભ આપી પ્રેમીભક્તોના મનોરથ પૂર્ણ કર્યા હતા. તો વળી, **હાથીજણ** ખાતે રાત્રે હેપી ફૅમિલિ સભામાં સુખી પરિવાર બનાવવા માટેની ચાવી આપી ૧૮૦૦થી વધુ હરિભક્તોને સુખિયા કર્યા હતા.









## વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે પૂ. સંતોનું ઓસ્ટ્રેલિયા-ન્યૂઝીલેન્ડ ખાતે દિવ્ય સત્સંગ વિચરણ

વ્હાલા ગુરુજીના સંકલ્પે વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે પૂ. સંતોનું ઑસ્ટ્રેલિયા-ન્યૂઝીલૅન્ડ ખાતે દિવ્ય સત્સંગ વિચરણ યોજાયું. તા. ૫ માર્ચ, ૨૦૨૬ ને ગુરુવારના રોજ પૂ. પૂર્ણસ્વામી, પૂ. વંદનસ્વામી તથા પૂ. હરિવદનસ્વામી એમ ત્રણ સંતોનું મંડળ તથા સમર્પિત મુક્ત સાગર મહારાજ, પ.ભ.શ્રી ગૌતમભાઈ પટેલ, હરિવદનભાઈ પટેલ પણ આ વિચરણમાં સાથે જોડાયા હતા.

તા. ૬થી ૧૭ માર્ચ, ૨૦૨૬ એમ કુલ બાર-દિવસીય સિડની સત્સંગ વિચરણમાં તા. ૮ માર્ચ, ૨૦૨૬ના રોજ યોજાયેલ ગુરુદેવ પ.પૂ. બાપજી પ્રાગટ્યોત્સવનો તથા તા. ૧૫ માર્ચ, ૨૦૨૬ના રોજ યોજાયેલ હેપી ફેમિલિ સત્સંગ સભામાં ‘દૃષ્ટિકોણ બદલીએ’ વિષય પર લાભ લઈ કુલ ૧૧૫ જેટલા હરિભક્તો સુખિયા થયા હતા. ત્યારબાદ તા. ૧૭થી ૨૬ માર્ચ એમ કુલ દસ-દિવસીય ન્યૂઝીલૅન્ડ ખાતેના સત્સંગ વિચરણમાં યોજાયેલ કીર્તન આરાધના, હેપી ફેમિલિ જાહેર સભા તથા તા. ૨૬ માર્ચ, ૨૦૨૬ના રોજ યોજાયેલ શ્રીહરિ પ્રાગટ્યોત્સવમાં કુલ ૮૫ જેટલા હરિભક્તો મહારાજના પ્રગટભાવ વિષય પર લાભ લઈને પ્રગટભાવની રીત શીખ્યા હતા. ત્યારબાદ પૂ. સંતોએ ઈસ્ટરમાં યોજાનાર સત્સંગ શિબિરની પૂર્વતૈયારી રૂપે તા. ૨૭ માર્ચ, ૨૦૨૬ના રોજ બ્રિસ્બેન ખાતે પ્રયાણ કર્યું હતું. વ્હાલા ગુરુજીના સાંનિધ્યમાં યોજાનાર આ શિબિરમાં સમગ્ર ઑસ્ટ્રેલિયા તથા ન્યૂઝીલૅન્ડના હરિભક્તો જોડાયા હતા. શિબિર બાદ પૂ. સંતોએ હરિભક્તોના ઘરે ઘરે પધરામણી તથા મહાપૂજાઓનો લાભ આપી હરિભક્તોના મનોરથ પૂર્ણ કર્યા હતા. આ ઉપરાંત બ્રિસ્બેન ખાતે બાળ સંમેલન, કિશોર સભા, સત્સંગ પારાયણ તથા જાહેર સભામાં ૧૧૫ જેટલા હરિભક્તો લાભ લઈને સુખિયા થયા હતા. પૂ. સંતો મેલબોર્ન ખાતે તા. ૧૭ એપ્રિલથી ૩૦ એપ્રિલ એમ કુલ ૧૩ દિવસના સત્સંગ વિચરણ અર્થે પધાર્યા હતા. તા. ૩૦ એપ્રિલ, ૨૦૨૬ના રોજ વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે પૂ. સંતો ઈન્ડિયા ખાતે પરત પધાર્યા હતા.ઑસ્ટ્રેલિયા-ન્યૂઝીલૅન્ડ ખાતેના કુલ ૫૬ દિવસીય વિચરણ દરમ્યાન પૂ. સંતોએ ૨૫ પ્રાતઃ સભા, ૪૨ સંધ્યા સભા, ૭ અંગત સભાઓ, ૬ સત્સંગ શિબિર, ૩ સત્સંગ પારાયણ, ૮ જાહેર સભા, ૫ બાળ શિબિર, ૭ ઉપાસના સભા, ૯૨ પધરામણી, ૬ મહાપૂજા, બાળ-કિશોર ફન ડે, કિશોરો-યુવકો સાથે પિકનિક તથા ૮૨ જેટલી અંગત બેઠકનો લાભ આપી હરિભક્તોને બળિયા કર્યા હતા.






## વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે પૂ. સંતોનું આફ્રિકા ખાતે સત્સંગ વિચરણ

વ્હાલા ગુરુજીની આજ્ઞાથી વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે પૂ. સંતોનું આફ્રિકામાં યુગાન્ડા, બોટ્સવાના તથા કેન્યા ખાતે સત્સંગ વિચરણ યોજાયું. જેમાં પૂ. મૂર્તિસ્વામી, પૂ. આશીર્વાદસ્વામી, પૂ. દયાનિધિસ્વામી, પૂ. દયાળુસ્વામી તથા પૂ. મધુરવદનસ્વામી એમ પાંચ પૂ. સંતો તથા હરિભક્તોમાં પ.ભ. શ્રી વિપુલભાઈ પટેલ તથા રાહુલભાઈ દરજી પણ જોડાયા હતા.

જેમાં પ્રથમ પૂ. આશીર્વાદસ્વામીના સંત મંડળે યુગાન્ડા વિચરણની પૂર્વતૈયારી રૂપે તા. ૯ માર્ચના રોજ પ્રસ્થાન કર્યું હતું. પૂ. સંતોએ કમ્પાલા ખાતે બુકાસા, મુકોનો, જિંજા, કામોચા, નમાન્વે, બુકોટો વગેરે વિસ્તારમાં વિચરણ કરી હરિભક્તોને બળિયા કર્યા હતા. તા. ૧૫ માર્ચ, ૨૦૨૬ના રોજ પૂ. સંતોના સાંનિધ્યમાં બાળ-કિશોર સંમેલન તથા એક સત્સંગ શિબિરનું આયોજન થયું હતું. જેમાં સર્વે મુક્તો પૂ. સંતોથી ખૂબ નિકટ આવ્યા હતા. કમ્પાલા સત્સંગ વિચરણ બાદ આ સંત મંડળ કિસુમુ ખાતે સત્સંગ વિચરણ કરી તા. ૧૯ માર્ચ, ૨૦૨૬ના રોજ બોટ્સવાનામાં ગૅબરોન સ્થિત એસ.એમ.વી.એસ. સત્સંગ કેન્દ્ર ખાતે આવી પહોંચ્યું હતું. આજરોજ ઇન્ડિયાથી પૂ. મૂર્તિસ્વામીનું સંત મંડળ પણ બોટ્સવાના સત્સંગ વિચરણમાં જોડાયું હતું.

બોટ્સવાના ખાતે બે-દિવસીય વચનામૃત પારાયણ તથા એક-દિવસીય સત્સંગ શિબિરનું આયોજન થયું હતું. ત્યારબાદ તા. ૨૧ માર્ચ, ૨૦૨૬ના રોજ એસ.એમ.વી.એસ. સત્સંગ કેન્દ્ર પર યોજાયેલ જાહેર સભામાં હેપી ફૅમિલિ વિષય પર પૂ. સંતોનો લાભ લઈને ૧૫૦ જેટલા હરિભક્તો સુખિયા થયા હતા. ત્યારબાદ બંને સંત મંડળ નાઈરોબી તથા મોમ્બાસા ખાતે સત્સંગ વિચરણ અર્થે પધાર્યાં હતાં.

ત્યારબાદ તા. ૨૮ માર્ચના રોજ કમ્પાલા ખાતે પૂ. સંતોના સાંનિધ્યમાં શાકોત્સવનો અદ્‌ભુત પ્રોગ્રામ ઊજવાઈ ગયો. જેમાં મહારાજના મહિમા પર લાભ લઈ ૩૫૦ જેટલા હરિભક્તો સુખિયા થયા હતા. અંતમાં તા. ૩ એપ્રિલ ને શુક્રવારના રોજ વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે પૂ. સંતોએ ઇન્ડિયા તરફ પ્રયાણ કર્યું હતું. આમ, કુલ ૨૪ દિવસના પૂ. સંતોના આફ્રિકા ખાતેના વિચરણ દરમ્યાન ૨૨થી પણ વધુ સત્સંગ સભાઓ, ૩ સત્સંગ શિબિરો, ૫ બાળ સભાઓ, ૧૮ પ્રાતઃ સભાઓ, ૧ બાળ-કિશોર સંમેલન, ૨ અગ્રેસર સભા, ૪ જાહેર સભા તથા કિશોરો-યુવાનો સાથે પિકનિક તેમજ ૧૫૩થી પણ વધુ પધરામણીઓ, ૨ મહાપૂજા જેવા વિધ વિધ પ્રોગ્રામો દ્વારા પૂ. સંતોએ સત્સંગ સમાજને આધ્યાત્મિક તથા વ્યવહારિક જીવનનાં પ્રેરણા પીયૂષ પાયાં હતાં. આફ્રિકાના ભાવિક ભક્તોએ ભારે હૃદયે આ સંત મંડળને વિદાય આપી હતી.

# રાષ્ટ્રહિત સર્વોપરી




ભારત દેશના માનનીય વડાપ્રધાન

**શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા**

વૈશ્વિક કટોકટી વચ્ચે વિદેશી હૂંડિયામણને બચાવવા જનહિતાર્થે
કરવામાં આવેલ અપીલને સમર્થન આપતાં

**વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ**

સમસ્ત **SMVS** સત્સંગ સમાજને **ત્રણ** સંકલ્પો આપ્યા.



## આવો, રાષ્ટ્રહિત કાજે આ સંકલ્પોનું સ્વજીવનમાં અમલીકરણ કરીએ, કરાવીએ.

### ૧ ખાદ્ય તેલના વપરાશમાં ઘટાડો કરીએ. (ઓછું તેલ, સ્વસ્થ શરીર, મજબૂત દેશ)

- ખાદ્ય તેલનો ઉપયોગ ઓછો કરવા માટે એક મહિના દરમ્યાન તળેલું ન બનાવવું કે ન જમવું. રસોઈમાં ખાદ્ય તેલનો ઓછામાં ઓછો ઉપયોગ કરવો.
- એક મહિના દરમ્યાન ઘર પરિવારમાં, અઠવાડિક સભામાં, મંદિરમાં તેમજ ઉત્સવ સમૈયામાં પણ તળેલી વાનગી ન બનાવવી અને આ બાબતનો ચુસ્તપણે અમલ કરવો.



### પેટ્રોલ-ડીઝલનો વિવેકપૂર્ણ ઉપયોગ અને જાહેર પરિવહનનો આગ્રહ. ૨

(જાહેર પરિવહન અપનાવો, દેશનું ધન બચાવો.)



- પેટ્રોલ, ડીઝલ અને ગેસનો ઉપયોગ જરૂરિયાત પૂરતો કરવો અને તે માટે શક્ય હોય ત્યાં સુધી જાહેર પરિવહન સુવિધાનો ઉપયોગ કરવો. જેમ કે, મેટ્રો, સિટી બસ, એસ.ટી. બસ, ટ્રેન વગેરે
- મંદિરમાં દર્શન માટે કે સભા કે ઉત્સવ સમૈયામાં આવવાનું થાય ત્યારે અન્ય હરિભક્તોને પણ ગાડીમાં સાથે લાવીએ. પરંતુ મોટી ગાડીમાં એક કે બે વ્યક્તિ આવીએ તેમ ન કરવું.

### 3 વિદેશયાત્રા ટાળવી. (દેશનું હૂંડિયામણ દેશમાં)

- નછૂટકે જ વિદેશયાત્રા કરીએ.
- અત્યંત અનિવાર્ય હોય તો વિદેશ પ્રવાસનું આયોજન કરવું.












## વ્હાલા ગુરુજીનું દિવ્ય સત્સંગ વિચરણ










(૧-૪) વ્હાલા ગુરુજીનું સેટેલાઇટ, બોપલ તથા બાવળા ખાતે દિવ્ય સત્સંગ વિચરણ (૫-૮) ઘાટલોડિયા, ગોતા, ઈસનપુર તેમજ હાથીજણ ખાતે સત્સંગ વિચરણમાં લાભ આપતા ગુરુજી

Ghanshyam, June-2026 Published on 10-06-2026. Post at SRO Gandhinagar. 10th to 13th on Every Month. Licenced to Post without prepayment No. PMG/NG/060/2024-26, Valid up to 31-12-2026. Regd No. G-GNR-315/ 2024-26, Extended up to 31-12-2026. RNI No. 33267/78.

Printed Sadhu Purnaswarupdas, Published by Sadhu Bhaktvatsaldas on Swaminarayan Mandir Vasna Sanstha (SMVS) and at Vibrant Image Basement, Hi-Tech Complex, Paldi, Ahmedabad 380007 and Published at Swaminarayan Dham, Koba-Gandhinagar Highway, Gandhinagar-7. Editor-Narendrabhai R. Trivedi.






# દિવ્ય સંત કેમ્પ

